



**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૮૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭
પ.પૂ. મોટા મહારાજશ્રીના સંપર્ક માટે
ફોન : ૨૭૪૯૯૫૯૭
**www.swaminarayanmuseum.com**
**ફોન**
૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**
તંત્રી શ્રી
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
**www.swaminarayan.info**
**www.swaminarayan.in**
એડ્રેસમાં ફેરફાર કરવા
**E-mail : manishnvora@yahoo.co.in**

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૧૦,૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર


**વર્ષ - ૫ અંક : ૫૫ નવેમ્બર-૨૦૧૧**


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૨ |
| ૦૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૩ |
| ૦૩. | પ્રાણાયામ | ૦૪ |
| ૦૪. | સુવાસીની ભાભીનાં કડલાંના દર્શન | ૦૬ |
| ૦૫. | નૂતન વર્ષાભિનંદન | ૦૭ |
| ૦૬. | કાળી ચૌદશ - હનુમાનજી મહારાજના પૂજનનું પર્વ | ૦૮ |
| ૦૭. | મૂળી ધામ ખાતે પ.પૂ. આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ | ૦૯ |
| ૦૮. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી..... | ૧૦ |
| ૦૯. | આનંદની હેલી | ૧૨ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા | ૨૧ |
| ૧૧. | ભક્તિ સુધા | ૨૩ |
| ૧૨. | પ્રશ્ન પેટી | ૨૬ |
| ૧૩. | ભેટની યાદી | ૨૮ |
| ૧૪. | સત્સંગ સમાચાર | ૨૯ |

# અસ્મદીયમ્

શ્રી સ્વામિનારાયણ માસિકના સર્વે વાચકોને નૂતન વર્ષના ઘણાજ હેતપૂર્વકના જયશ્રી સ્વામિનારાયણ.

આપણા જીવનમાં દર વર્ષે દિવાળી અને નૂતન વર્ષ આવે છે અને પુરુ થઈ જાય છે. તેનો ઉત્સાહ, ઉમંગ, શ્રધ્ધા, પ્રેમ, લાગણી, આત્મીયતાની અરસ પરસ આપલે થાય છે. જુનાં અણબનાવ કે વેર ઝેર ભૂલીને એક બીજાને પ્રેમથી ખભે ખભા મિલાવી બાથમાં લઈ હર્ષોલ્લાસ સાથે મળીને બધું ભૂલી જઈએ છીએ. આ આપણા પારિવારિક વ્યવહારની વાત થઈ અને તે જીવનમાં હોવું જરૂરી છે.

આધ્યાત્મિકતાની વાત કરીએ તો આપણે ગત વર્ષે કેવું જીવન જીવ્યા, ભગવાનનું ભજન કેટલું કર્યું, શિક્ષાપત્રીની કેટલી આજ્ઞાઓને ચોક્કસ પણે પાળી, દેવ, આચાર્યશ્રી પ્રત્યે કેટલી નિષ્ઠા વધી આ બધાનો સરવાળો કરવો. દેવ નિમિત્તનો આપણી આવકનો ભાગ દશાંશ વિશાંશ પ્રમાણે આપણે કેટલા ચોખ્ખા થયા તેનું મૂલ્યાંકન કરવું. આપણી બાલ્યાવસ્થા અને યુવાવસ્થા તો પાણીના રેલાની જેમ મોજ શોખમાં ક્યારે જતી રહે છે તેનું ધ્યાન વનમાં પ્રવેશ્યા બાદ પડે છે. ત્યારે ઘણું મોડું થાય છે. માટે યુવાનો જાગો અને ધ્યેયની પ્રાપ્તિ માટે તૈયાર થાવ. આપણું જીવન એવું સુંદર બનાવીએ કે તેમાંથી અન્યને પ્રેરણા થાય. નૂતન વર્ષના આ મંગળ દિને ઈષ્ટદેવ શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના છે કે આપણું શ્રી નરનારાયણદેવ યુવક મંડળ આવતા વર્ષે ૨૦૧૩ માં ૨૫ વર્ષ પૂર્ણ કરે છે ત્યારે શ્રી નરનારાયણદેવ યુવક મંડળ રજત જયંતી મહોત્સવ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં ખૂબજ ધામધૂમથી ઉજવવા કટિબધ્ધ બનીએ એજ અભ્યર્થના.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(ઓક્ટોબર-૨૦૧૧)**

૩. પ.ભ. રમણીકભાઈ ભીખાભાઈ સરધારાને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, બાપુનગર

પ.ભ. વિનોદભાઈ વિષ્ણુભાઈ પટેલને ત્યાં દુધની ડેરીના ઉદ્ઘાટન પ્રસંગે પધરામણી, માણસા.

૪. પ.ભ. સુરેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલને ત્યાં પધરામણી, સેકટર-૧૨ ગાંધીનગર.

પ.ભ. કાંતિભાઈ પટેલને ત્યાં પધરામણી, ગાંધીનગર.

૫. પ.ભ. કાંતિભાઈ દવાલભાઈ પટેલને ત્યાં પધરામણી, કાંકરિયા, રાત્રે મૂળી પધાર્યા.

૬. શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં હજારો સંત હરિભક્તોની ઉપસ્થિતિમાં ૩૯ મો પ્રાકટ્યોત્સવ ધામધૂમથી ઉજવાયો.

૯. થી ૨૪. ઓસ્ટ્રેલીયા અને ન્યુઝીલેન્ડના ધર્મપ્રવાસે પધરામણી.

૨૫. જીરાગઢ (હાલાર મૂળી દેશ) રોકડીયા હનુમાનજી મહારાજના પાટોત્સવ પ્રસંગે પધરામણી. રાત્રે અમદાવાદ મંદિરમાં શ્રી હનુમાનજી મહારાજની પૂજન-આરતી પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

૨૬. શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદમાં સમૂહ શારદા પૂજન પોતાના વરદ્ હસ્તે વેદોક્ત વિધિથી સંપન્ન થયું.

૨૭. નૂતન વર્ષના શ્રી નરનારાયણદેવના મંગળા, શણગાર અને અન્નકૂટ આરતી ઉતારવા પધાર્યા અને બેઠકમાં સમસ્ત આશ્રિતોને દર્શન આશીર્વાદનું સુખ આપ્યું.

પ.ભ. વસંતભાઈ ત્રિભોવનદાસ ટાંક પરિવારને ત્યાં પધરામણી, પાલડી.

૨૮. પ.ભ. કૃષ્ણકાંત શામજીભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, થલતેજ.

૩૧. શ્રી સ્વામિનારાયણ મંદિર કાંકરિયા બાલસ્વરૂપ કષ્ટભંજન દેવના પાટોત્સવ પ્રસંગે પધરામણી.

શ્રી સહજાનંદ ગુરુકુળ અસારવા સત્સંગ શિબિર પ્રસંગે પધરામણી.

**શ્રી નરનારાયણદેવના ૨૪ કલાક દર્શન માટે જુઓ વેબસાઈટ**

**www.swaminarayan.info**

**www.swaminarayan.in**

**ભારતીય સમય મુજબ આરતી દર્શન :** મંગળા આરતી ૫-૩૦ ● શણગાર આરતી : ૮-૦૫ ● રાજભોગ આરતી ૧૦-૧૦ ● સંધ્યા આરતી ૧૮-૧૫ ● શયન આરતી ૨૦-૩૦

# પ્રાણાયામ

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

શ્રીમદ્ ભાગવત્ મહાપુરાણના એકાદશસ્કંધમાં અધ્યાય-૧૪ માં ઉધ્ધવજીના પ્રાણાયામવિધિના પ્રશ્નના જવાબમાં ભગવાન શ્રીકૃષ્ણ શ્લોક નં. ૩૨ માં કહ્યું કે, ''હે પ્રિય ઉધ્ધવઃ ! જે બહુ ઉંચુ ન નીચું હોય એવા આસન પર શરીરને ટટ્ટાર રાખી પૂર્વ અથવા ઉત્તરમુખે બેસી હાથને ખોળામાં રાખીને દ્રષ્ટિ નાસિકાના અગ્રભાગમાં રાખી પછી પૂરક, કુંભક, રેચક આવા પ્રાણાયામ દ્વારા નાડીયોની શુધ્ધિ કરવી. શરીરમાં મુખ્ય દશ નાડીયો છે અને શાખાઓ બોંતેર હજાર છે. નાડીયો અશુધ્ધ થવાથી આચાર, વિચાર, વાણી, વર્તન, સ્વભાવ, પ્રકૃતિ અને સ્વાસ્થ્ય પર અસર પડે છે. પ્રાણાયામનો અભ્યાસ ધીરે ધીરે વધારતાં અંતઃકરણ, મન, બુધ્ધિ, ચિત્ત વશ થાય છે.''

પ્રાણાયામ બે પ્રકારે છે. સગર્ભ અને અગર્ભ. સગર્ભ ૐકારનો નાદ જપતાં પ્રણાયામમાં કુંભક, પૂરક, રેચક કરવો. અને ૐકાર વિના કુંભકાદિ કરવાને અગર્ભ કહેવામાં આવે છે. સગર્ભ ઉત્તમ છે. શ્વાસ લેવા છોડવામાં મનોમન ૐકાર જપ કરવો. દિવસમાં ત્રણવાર ૐકાર યુક્ત પ્રાણાયામ દશ દશવાર કરવાથી એક મહિનામાં પ્રાણવાયુ વશ થતાં નાડીયો શુધ્ધ થાય છે અને શરીર નિરોગી બને છે.

એક મહિનાના અભ્યાસ બાદ ચિતવન કરવું કે : હ્દયરૂપી એક કમળ છે, ઉપર મુખ આઠ પાંખડી વાળુ વચમાં કળી રહી છે એવી કલ્પના કરવી (હ્દયાકાશની કલ્પના કરવા પોતાની જાણીતી જગ્યા ઘર (રૂમ) જેને આપણે આંખ બંધ હોય તોય જોઈ શકતા હોઈએ તે રૂમ રૂપી હ્દયાકાશને હ્દયના સ્થાન પર) તેમાં કમળની કળી ઉપર ક્રમશઃ સૂર્ય, ચંદ્ર અને અગ્નિનો ન્યાસ કરવો. (કલ્પના કરવી) ત્યાર પછી કળીમાં અગ્નિની અંદર મારુ સ્વરૂપ (શ્રીકૃષ્ણ કહે છે) જોવું. મારુ સ્વરૂપ ધ્યાન માટે અતિ મંગળમય છે. (એટલે કે આપણા ઈષ્ટદેવ અક્ષરધામના અધિપતિ સ્વામિનારાયણ ભગવાન રંગમહોલના ઘનશ્યામ મહારાજને જોવા).

હે ઉધ્ધવ ! મારું સ્વરૂપ અંગે સુકોમળ છે. શાંત સ્વરૂપ, સુંદર મુખારવિંદ, અજાનબાહુ, મનગમતા કપોલ, મંદહાસ્ય, કાનોમાં મકરાકાર કુંડળ, મેઘ જેવા શ્યામ અંગપર સુવર્ણ પીતાંબર, ચારભૂજા, કૌસ્તુભમણિ, મુગટ, કંકણ, કંદોરો, બાજુબંધ સહિત પ્રેમભરી દ્રષ્ટિથી ચો તરફ કૃપાવૃષ્ટિ થઈ રહી છે.

હે ઉધ્ધવ ! સુકુમાર સ્વસ્વરૂપનું ધ્યાન કરવું. પોતાના મનને એક એક અંગમાં સ્થિર કરવું. મારા પૂર્ણ સ્વરૂપનું ધ્યાન થઈ જાય ત્યારે એક અંગમાં ચિત્તને સ્થિર કરવું. મંદ મંદ હાસ્યવાળા મારા મુખારવિંદ પર સ્થિર કરવું. આ પ્રમાણે તીવ્ર ધ્યાન યોગ દ્વારા મારામાં પોતાના ચિત્તને પરોવી દે છે. તેનો દ્રવ્ય, જ્ઞાન, ક્રિયાના સંબંધમાં ભેદ બુદ્ધિનો ભ્રમ મટી જાય છે. તેને સર્વત્ર પરમાત્માનું જ સ્વરૂપ દેખાય છે. આમ કરતા સાધકને અષ્ટસિધ્ધિઓ વશ થાય છે. તે યોગી સિધ્ધિયોને ગ્રહણ ન કરતાં મારા સ્વરૂપમાં જ આશક્ત રહે છે.

શ્રીજી મહારાજે વચનામૃત ગઢડા મધ્ય ૧૩ માં પોતાને ઉદ્દેશીને ધ્યાન કરવાની રીત કહી છે કે : ''મારી ઈન્દ્રિયોની વૃતિ છે તે પાછી વાળીને સદા હ્દયને વિષે આકાશ છે તેને વિષે વર્તે છે. અને હ્દયાકાશને વિષે અતિશે તેજ દેખાય છે. તે તેજને વિષે એક ભગવાનની મૂર્તિ દેખાય છે. તે અતિ પ્રકાશમય છે. ઘનશ્યામ છે તો પણ તેજે કરીને શ્યામ જણાતી નથી. તે દ્વિભૂજ છે બે ચરણ છે અતિશે મનોહર છે. મનુષ્યના જેવી આકૃતિ છે ને કિશોર છે. મૂર્તિની ચારે કોર મુકતનાં મંડળ ભરાઈને બેઠા છે ને એક નજરે ભગવાનની મૂર્તિ સામુ જોઈ રહ્યા છે. જ્યારે એવું ભગવાનનું સ્વરૂપ છે તેને દઢ કરીને સમજશો ત્યારે તમને કોઈ પ્રકારનું વિધ્ન કલ્યાણના માર્ગને વિષે નહિ થાય.

ગઢડા પ્રથમમાં ૨૩ : ત્રણ દેહથી પર ચૈતન્યરૂપ એવું પોતાના સ્વરૂપને વિષે ભગવાનની મૂર્તિ ધારીને ભગવાનનું ભજન કરે.

ગઢડા પ્રથમમાં ૨૦ : જે ભગવાનના પ્રતાપને વિચારીને અર્ન્તદ્રષ્ટિ કરે છે તે તો પોતાના સ્વરૂપને અતિષે ઉજજવળ પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશને મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાન તેની મૂર્તિને જુએ છે.

ગઢડા પ્રથમમાં ૪૯ : ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તેના સામુ જોઈ રહે છે તેનું નામ અર્ન્તદ્રષ્ટિ છે અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃતિ રહે તે સર્વે બાહ્ય દ્રષ્ટિ છે.

ગઢડા પ્રથમમાં ૭૩ : આત્માને વિષે પરમેશ્વરની મૂર્તિને ધારીને તેની ભક્તિ કરતો હોય અને પોતે બ્રહ્મરૂપ થઈ ગયો હોય તોય ભગવાનની ઉપાસનાનો ત્યાગ કરે નહિ માટે આત્મનિષ્ઠા અને ભગવાનની મૂર્તિનો મહિમા સમજ્યા થકી કોઈ પદાર્થની વાસના રહેતી નથી.

સા. ૧૫ મારા જીવાત્માને વિષે જ આ ભગવાનની મૂર્તિ અખંડ બિરાજમાન છે એમ જાણીને ઉપરથી દર્શન-સ્પર્શાદિકની વિષે આતુરતા જેવુ નથી તો પણ એની પ્રીતિના મૂળ ઉંડા છે.

સા. ૧૦ : જે સાધુ એમ સમજતો હોય જે મારા ચૈતન્યને વિષે ભગવાન સદાય વિરાજમાન છે. તો તે સંત થકી ભગવાન અને ધામ તે અણું માત્ર છેટે નથી. અને ગઢડા પ્રથમ ૩૨, ગઢડા પ્રથમ ૨૫/૨૪ માં પણ આ પ્રમાણે શ્રીજી મહારાજના વચન છે.

વાસુદેવાનંદવર્ણીએ સત્સંગિભૂષણ અંશ-૨ ના ૩૭ મા અધ્યાયમાં લખ્યું છે કે, જેતલપુરને વિષે શ્રીહરિ વિરાજમાન હતા ત્યારે ભક્તોને ભજન કરવાની રીત સમજાવતા બોલ્યા કે, ‘‘હે ભક્તો ! તમે મારુ ભજન કરવા બેસો ત્યારે સિધ્ધાસન વાળીને બેસવું. અને પછી નાસિકાગ્ર ભાગ સામી દ્રષ્ટિ રાખવી. પોતાના દેહમાં પ્રાણ-અપાન (શ્વાસોચ્છવાસ) શ્વાસ જોવો. (નાસિકાના અગ્રભાગમાં શ્વાસ આવે છે તેને જોયા કરવો. એમ કરતા મનની સ્થુળતા મટતા સુક્ષ્મ અને શુધ્ધ થાય છે.)

એમ કરતા હ્દયમાં મારી મૂર્તિ દેખાય ત્યારે મૂર્તિનું ધ્યાન કરવું. શ્વેતવસ્ત્ર, પુષ્ટ, પુષ્પહારોવાળી, પ્રસન્નમુખવાળી એવી મૂર્તિ જોવી, વળી તલ જોવા. અંગો અંગને જોતા નિરંતર ચિંતવન કરવું. એમ કરવાથી તમને સર્વ ક્રિયાને વિષે મારું દર્શન થશે.’’

પ્રાણાયામ અનંત છે પરંતુ ભગવાન શ્રીકૃષ્ણના સ્વમુખે કહેલ અને સર્વોપરી શ્રીહરિએ સ્વમુખે કહેલ ધ્યાન સરળ અને સિધ્ધ છે. દિવસમાં ત્રણવાર દશ દશ મિનિટ ૐકાર યુક્ત કુંભક, પુરક, રેચક કરવા તેમ બહુજ હળવી ગતિથી કુંભક કરવા દશ સેકન્ડથી શરૂ કરવું. તે રોજ બે સેકન્ડ વધારવું અને એક મહિને ૩૦ સેકન્ડ સુધી કુંભક, પુરક, રેચક કરવું. જેટલીવાર શ્વાસ લેવામાં થાય એટલી વાર પૂરક (રોકવો) અને એટલીવાર રેચક (બહાર કાઢવો) કરવું.

સમયની લય બધ્ધતા બહુજ અગત્યની છે. ઉતાવળે પ્રાણાયામ કરનારની નાડીયો શુધ્ધ થવાને બદલે ગુંચવાઈ જાય છે. વધુમાં વધુ ૩૦-૩૦ સેકન્ડ કુંભક, પૂરક, રેચક, કરવું. તેથી પ્રાણ અન્તઃકરણ અને ઈન્દ્રિયો વશ થયા પછી સુખે ધ્યાન કરાય છે. આ પ્રાણાયામથી એક મહિનાના પ્રયાશમાં પ્રાણ, મન, ઈન્દ્રિયો વશ થઈ જાય છે. પ્રાણાયામ કરવાનું સ્થાન સૂર્યના પ્રકાશવાળુ, ખુલ્લી શુધ્ધ હવા મળે એવી જગ્યા પસંદ કરવી. નીચે બેસવાની તકલીફ હોય તો ખુરશી/સોફા/પલંગમાં પણ બેસી શકાય છે. પૂર્વ અથવા ઉત્તર દિશામાં મુખ રાખવું. જમણા હાથના અંગુઠા વડે જમણી તરફનું દ્વાર બંધ કરવું અને અનામિકા વડે ડાબા ભાગનું નાક દ્વાર બંધ કરવું. સૂતા સૂતા પ્રાણાયામ કરવું નહિ. અભ્યાસ શરૂ કર્યા પછી વચમાં એકાદ દિવસ ન થાય તો થઈ ગયેલા દિવસો ગણાય નહિ. આસન વિના બેસવું નહિ. ગરમ અથવા સુતરાઉ આસન રાખવું, પ્લાસ્ટિકનું આસન વાપરવું નહિ.

પ્રથમ પ્રાણાયામ કર્યા પછી ભગવાનની મૂર્તિનું હ્દયાકાશમાં ધ્યાન કરવું.

# સુવાસીની ભાભીનાં કડલાંના દર્શન

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાને પોતાની હયાતીમાં અમદાવાદ, ભૂજ, મૂળી, જેતલપુર, વડતાલ, ધોળકા, ધોલેરા, જૂનાગઢ, ગઢડામાં મંદિરો બનાવી સ્વહસ્તે શ્રી નરનારાયણદેવ આદિ સ્વસ્વરૂપની મૂર્તિયો પધરાવી. તેમાં શ્રીહરિના પરમ સખા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામીએ વડતાલ, જૂનાગઢ અને મૂળીમાં ત્રણ મંદિરો બનાવ્યા.

શ્રીજી મહારાજના સ્વધામગમન બાદ મૂળી મંદિરના શિખરો બનાવવાનું કામ બાકી હોવાથી બ્રહ્માનંદ સ્વામીએ શેષ જીવન મૂળીમાં રહીને કામ પૂર્ણ કર્યું.

મૂળીધામ પ્રત્યે સુવાસીની ભાભીને ખૂબજ શ્રધ્ધા હતી. જીવનનો વધુ સમય તેમજ અંતઃસમય મૂળીમાંજ વિતાવ્યો.

એકવાર ભાભી પુત્ર આદિ આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજની સાથે વસંત પંચમીના સમૈયામાં પધાર્યા હતા. મંદિરના શિખરોનું કામ અધુરુ હોવાથી અયોધ્યાપ્રસાદજી મહારાજ સાથે કહેવડાવ્યું કે સ્વામી કામ જલ્દી પુરુ કરો. બ્રહ્માનંદ સ્વામીએ કહેવડાવ્યું કે : કડીયાનો પગાર બાકી હોવાથી ચાલ્યા ગયા છે. હમણાં કોઠારમાં ચૂકવણું કરવા રકમ નથી.

આ વાત સાંભળીને શ્રીહરિના ભાભી સુવાસીની ભાભીએ પોતાના સુવર્ણનાં ઘરેણાં, પાસે રહેલા રૂપિયાના સિક્કા તેમજ કિલો કિલો ચાંદીના વજનદાર ચરણા કાંબી કડલાં નંગ-૪ આપીને કહ્યું કે આમાંથી કડિયાના પગાર ચુકવી દેજો.

બ્રહ્માનંદ સ્વામી કહે, હવે લક્ષ્મીજી પ્રસન્ન થયા છે. એટલે મૂળી મંદિરના કોઠારમાં હવે પછી ધનની કમી નહિ પડે. ચાંદીના સિક્કાઓમાંથી કડિયાના પગાર કર્યા અને પ્રસાદીના કાંબી કડલાંને રાધાકૃષ્ણદેવના કોઠારમાં સાચવીને મુક્યાં. ત્યાર પછી સુવાસીની ભાભીની પ્રસન્નતાથી સંપ્રદાયમાં રાધાકૃષ્ણદેવનો સર્વ શ્રેષ્ઠ કોઠાર ગણાતો. બીજા મંદિરોના ચુકવણાં પણ મૂળી મંદિરથી કરવામાં આવતાં.

સુવાસીની ભાભી તો આકાશમાં વાદળી જુએ તો કહે કે ''જા રે વાદળી મૂળીમાં જઈને વરસજે.''

સુવાસીની ભાભીને ઘનશ્યામ મહારાજ પ્રત્યે ભક્તિમાતા કરતાં ચાર ગણો પ્રેમ હતો. તો સુવાસીની ભાભીને મૂળી ધામમાં સર્વશ્રેષ્ઠ શ્રધ્ધા ભાવ હતો. તો ઘનશ્યામ મહારાજને આ સ્થાન કેટલું પ્રિય હશે ? મંદિરો બનાવવામાં ધર્મકુળનું કેવું યોગદાન - સમર્પણ છે તેનો પ્રત્યક્ષ પુરાવો આ પ્રસંગમાં જોવા મળે છે.

આ પ્રસાદીના કડલાંને ૧૮૦ વર્ષના વાણાં વાઈ ગયાં જે મૂળી મંદિરના ખજાનામાં જેમ હતા તેમજ સચવાયેલા છે. જે ભાભીની ભાવનાનું પ્રતિક એવા કડલાનાં દર્શન તા. ૬-૧૦-૨૦૧૧ના વિજયા દશમીના સંતો-હરિભક્તોને થયાં.

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પરમ પૂજ્ય ધર્મધુરંધર આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ ૩૯ મો પ્રાકટ્યોત્સવ ઉજવવા સહમતિ આપી ત્યારે મહંત સ્વામી નારાયણપ્રસાદદાસને મહારાજશ્રીએ શરત કરી કે અમને અને સંતો, હરિભક્તોને મહા પ્રતાપી કડલાના દર્શન કરાવો તો જન્મ દિવસે મૂળી આવીશ.

તા. ૬-૧૦-૨૦૧૧ વિજયા દશમીના દિવસે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ધામધૂમથી જન્મોત્સવ ઉજવાયો. સુવર્ણમાં સુગંધ ભળી ચાંદીના ચળકતાં સુવાસીની ભાભીનો પ્રેમ, ભક્તિભાવ, સમર્પણનો સર્વશ્રેષ્ઠ પ્રતિક કડલાંને સ્ટેજ પર દર્શનમાં પધરાવ્યાં ત્યારે પ.પૂ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પૂ. લાલજી મહારાજશ્રીએ મસ્તકે હૃદયે સ્પર્શ કરીને પૂજન આરતી કરી. સંતોએ મન ભરીને દર્શન કર્યા. અને હરિભક્તોએ ભીડની પડાપડીમાં દર્શન કર્યા.

જન્મોત્સવમાં આવ્યા તે ફાવ્યા ન આવ્યા તે પસ્તાયા.

**આ સંપ્રદાયના મંદિરોમાં મહત્વનો હિસ્સો ધર્મકુળનો છે. જેઓના ત્યાગ-વૈરાગ્યમાંથી સત્સંગનો વિસ્તાર થયો છે. માણસે હમેશાં ભૂતકાળ અતિત સામી દષ્ટિ કરવી જોઈએ. તેજ સાચો માણસ છે જે ઈતિહાસને સાથે રાખીને ચાલે છે.**

# નૂતન વર્ષાભિનંદન

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ,
જમીયતપુરા (મહંત સ્વામી માણસા)

ઝાડ પડે ને જગ્યા થાય ને જમીન કોઈ પડતર નથી. એને ખેડવી પડે તો ત્યાં પાછી નવી કૂંપણો ફૂટે. પીળા પડી ગયેલા પાન ખરતા-ખરતા પાનખરમાં સઘળા ખરી પડે. ને વસંતના વાયરા વાતા ફરી ઝાડ લીલું પલ્લવ મહેંકી ઊઠે. માણસ ઘરડો થતા થતાં અંગો સર્વે શિથિલ થાય ને અંતે મૃત્યુ પામે. ભાભો પાછો બાબો બની પારણે ઝૂલવા પધારે ત્યારે તેના આગમનને વધાવવા અભિનંદનોની જાણે કે ચોમેરથી વરસાદ થાય. ખેતરનો એક મોલ લેવાયા પછી આખે-આખા ખેતરની સારી પેઠે સફાઈ કરવી પડે. ને પછી વાવણી થાય ને નવો મોલ પાક ખીલી ઊઠે. આપણા જીવનમાં પણ આવુ જ છે. કાળનું ચક્ર ક્ષણવાર પણ વિરમતું નથી. સૂર્યોદયથી સૂર્યાસ્ત પર્યંત સતત ગતીશીલ સમયના વહેણમાં વહેતી આ જીવનની નૌકા છે. દિવસો અને મહિનાઓ વિતાવી આખરે વર્ષના ઉત્તરાંધના છેડે આવી પહોંચે છે. કોણ જાણે કેટ-કેટલાક પંચકો-ગ્રહણો અને પુષ્ય નક્ષત્રો જેવી પવિત્ર પળોમાંથી પસાર થઈ હોળી ધૂળેટીને રામનોમ કે જન્માષ્ટમી જેવા તહેવારો મન ભરીને માણ્યા પછી શ્રાધ્ધના દિવસોમાં શ્રધ્ધાપૂર્વક પિતૃ-તર્પણ કરી નવરાત્રીમાં માતૃ શક્તિની આરાધના પૂર્વક ગરબે ધુમ્યા બાદ દશહરા દશ માથાવાળા દશાનન રાવણ વધ પર્વની સ્મૃતિ કરવા પૂતળા દહન કરી વિદાય લેતા વર્ષના લેખા જોખા કરવામાં સૌ મશગુલ બની જાય છે. લેણા દેણાની રકમો આગળ ખેંચી નવા વર્ષના ચોપડા પૂજાય છે. આ વ્યવહારિકતા ને આધ્યાત્મિકતામાં પલટાવતા ભગવાન સ્વામિનારાયણ ગ.પ્ર. ૩૮ માં જીવનનું અને જીવનમાં સત્સંગનું અને સત્સંગમાં આધ્યાત્મિકતાનું નામું સતત માંડતા રહેવાનું શીખવે છે. જગત સંબંધી વાસના કેટલી હતી. અને ભગવાન સંબંધી વાસના કેટલી વધી ? બંને બરોબર છે કે કંઈક વધ-ઘટ છે ?

તેના હિસાબનો ચોપડો દરેકે વ્યક્તિગત પોતાના મન-બુદ્ધિમાં માંડવાનો છે. ભીતરની વાત ભીતરમાં જ સરવાળા-બાદબાકી કરી જોઈ લેવાની છે. આંખ આડા કાન કરી પોતાની જાતને છેતરવા કરતા સૌએ પોતાને પ્રમાણિકતા પૂર્વક વફાદાર રહેવું. સંકલ્પો વિકલ્પોમાં વધ-ઘટ કરી તેની જરૂરિયાત પ્રમાણે જગતની કોરથી ભગવાનની કોર દિશા મરોડવી તેને આધ્યાત્મિકતા કહેવાય. આમ ત્યાગી કે ગૃહીમાં કોઈ ભેદ રહેતો નથી. સૌએ અંતરથી ખરા ભગવદીય થવાનું છે. આ આંતરિક સાધના એજ કઠોર તપશ્ચર્યા છે. આમા સાચા સદ્‌ગુરૂનો સમાગમ અને અંતરના આશીર્વાદ અત્યંત આવશ્યક છે. જગતની કોરથી સંપૂર્ણ નિર્વાસનિક થઈને ભીતરમાં ભગવાનને ભેળા રાખી તેના આધારે તેમાજ નિમગ્ન થઈ જવા માટે જન્મ ઉપર જન્મો જન્મ ના ખાતાવાળા આ ચોપડાનું મંડાણ થયું છે. હરિવરે હેતુ સ્પષ્ટ કરી દીધો હવે ધંધો અને ચોપડો આપણા હાથમાં મૂક્યો છે. જીંદગીના આટલા વર્ષો નુકશાની માં જાય છે કે સરવાળો નફો છે. સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ વાતોમાં કહ્યું છે કે નિરંતર પાછુ વાળીને જોવું. આપણે શું કરવા આવ્યા છીએ ને શું કરી રહ્યા છીએ ?

આવો સોળે કોઠે દીપાવલીમાં જાણપણાના દરવાજે દીપ પ્રગટાવીએ. જાગ્યા ત્યારથી નવલા પ્રભાતના મંગળા ગાઈએ. નવા વર્ષે જોમ અને જુસ્સા ભેર સર્વોપરિ શ્રીહરિની પ્રાપ્તિના કેફમાં આનંદ સાગરમાં એવું જંપલાવીએ કે સહજાનંદી સીંધુનું એક અણમોલ રતન બની જઈએ. વગર માંગ્યા ને અણધાર્યા આશીર્વાદોની આષાઢી મેઘના હકદાર બની જઈએ. કૃપા તો અસીમ ઊતરી રહી છે. પણ આ નવા આંગતુંક વરસમાં તે સઘળી ઊતરતી કૃપા જીલવાનું પાત્ર બની જઈએ. કવિ કલાપીએ તો કહ્યું છે,

"મળ્યુ છે તો માણો,
જીવન કચવાટે શીદ વહો ?"

સદ્‌ગુરુ શ્રી બ્રહ્માનંદ સ્વામીએ ગાયુ છે કે,

"આજની ઘડી રે ધન્ય આજની ઘડી
મેં નીરખ્યા સહજાનંદ ધન્ય આજની ઘડી."

બસ નવા વર્ષે ભગવાન સ્વામિનારાયણ તેમજ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી તથા એમના પૂ. સંતોના આશીર્વાદથી આપણી ભીતરમાં પણ હરિવરને નીરખતા રહીએ, નીરખતા રહીએ અને જ્યાં પ્રભુ છે ત્યાં લક્ષ્મી છે. યશ છે. ને તેનો જ વિજય પૂર્વક જય જયકાર છે. માટે આવી રહ્યું છે અમૃત લાભનું શુભ ચોઘડીયું ઊઠો, જાગો ને ધ્યેયની પ્રાપ્તિ માટે ઊછળી પડો. નૂતન વર્ષના વધામણાં ગાવા અને જી ભર જીલો. ચોમેરથી વર્ષી રહ્યા છે.

નૂતન વર્ષાભિનંદનમ્ .............

# કાળી ચૌદશ - હનુમાનજી મહારાજના પૂજનનું પર્વ

- ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી-બાપુનગર)

(ગત અંકનું ચાલું)

ભગવાન તથા ભગવાનના રક્ષણમાં જેને ખૂબ પ્રીતિ છે તથા દુષ્ટને દંડ આપવામાં ઘણી ચાતુરી છે. તેવો હનુમાનજીનો એક સેવા પ્રસંગરૂપી શ્રીહરિનું ચરિત્ર સંક્ષિપ્તમાં લખીને લેખને વિરામ આપીએ.



વન વિચરણ સંબંધી ચરિત્રમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની ઘોર અંધારી રાત્રિમાં શ્રીહરિ એક વડના વૃક્ષની નીચે બિરાજ્યા છે. શ્રીહરિને તો કોઈનો પણ ડર ન હતો. તેમ છતાં મનુષ્ય ચરિત્ર કરતા શ્રીહરિ ન્યાસ કરવા પૂર્વક નારાયણ કવચનો પાઠ કરીને પછી સમાધિ કરવાની ઈચ્છાવાળા શ્રીહરિએ હિંસકોથી પોતાની રક્ષા માટે પોતાને અતિ પ્રિય કુળદેવ હનુમાનજીનું સ્મરણ કર્યું. ત્યારે મારુતિ પ્રત્યક્ષ આવી ઉત્સાહથી શ્રીહરિના પગમાં પડ્યા અને પછી શ્રીહરિની આજુ બાજુ ભમતા, અતિ બાળ સ્વરૂપવાળા થઈને મુખ્યત્વે ત્યાંજ રહ્યા. આમ કરતાં મધ્યરાત્રિએ, પોતાના ટોળા સાથે, ભયંકર, તાડ જેવો ઊંચો, ક્રોધી સર્વે ભૂત પિશાચોનો અધિપતિ એવો ભૈરવ તે વડના વૃક્ષની નીચે શ્રીહરિની સમીપે આવ્યો. કાળ પણ દેખીને કંપે એવી તેની ભયંકર આકૃતિ હતી. પોતાના નિવાસ સ્થાન રૂપ આ વડ નીચે આવીને તેણે ભયંકર ત્રાડ નાંખી. તો પણ શ્રીહરિ તો નિધડક શાંત બેઠા છે. તેમને જોઈને અત્યંત કોપેલા ભૈરેવે ભૂતોને આજ્ઞા આપી કે આ બટુકને ખાઈ જાઓ. એમ કહી રૂધિર પીવા ત્રિશૂળ લઈને શ્રીહરિ પાસે આવ્યો, ત્યારે હનુમાનજીને દીઠા. તેટલામાં તો હનુમાનજે ખૂબ ઊંચા વિશાળ પર્વત સમાન સ્વરૂપ ધારણ કર્યું અને પોતાના પૂંછથી હજારો પિશાચીઓને વીંટાળી પગ વડે લાતો મારવા લાગ્યા. પછી તે હનુમાનજીએ દ્રઢ મુક્કા વડે ભૈરવને તાડન કરી પોતાનું વિકરાળ મુખ દેખાડ્યું અને ફરીથી અતિ ભયંકર કિલકિલાટ શબ્દ કર્યો. બે હાથથી પોતાની વજ્ર સમાન કઠોર મુષ્ટિનો તેના માથા ઉપર પ્રહાર કર્યો. જેથી તેનું માથું ધડમાં બેસી ગયું. નાક ને મુખ લોહીથી ભરાઈ ગયા. પછી તે ભૈરવ મોંઢામાંથી લોહીની ઉલ્ટી કરતો મોટા પર્વત ઉપરથી શિલા જેમ પડે તેમ પોતાના સેંકડો ગણોને દબાવતો પૃથ્વી ઉપર પડ્યો. ફરીથી મારુત તાડન કરશે એવી બીક લાગવાથી ત્યાંથી ધીમે ધીમે તે ભૈરવ દૂર નાસી ગયો અને તેના ગણો પણ ત્રાસ પામીને જ્યાં ત્યાં નાસી ગયા. શ્રીહરિ પોતે સદ જાગ્રત અવસ્થામાં જ વર્તતા હોઈ, આ સર્વે વૃતાંત જાણતા હતા છતાં કાંઈપણ બોલ્યા જ નહિ.

સૂર્યોદય સમયે શ્રીહરિને ચાર દિવસના ઉપવાસી જાણીને હનુમાનજીએ સ્વાદિષ્ટ ફળો લાવીને શ્રીહરિને સમર્પણ કર્યા. શ્રીહરિ બાળ મૂર્તિ હનુમાનજીને આલિંગન કરીને મળ્યા અને બોલ્યા કે, હે હનુમાન ! તમે ધન્ય છો. અમારી બહુ સેવા કરી. આજે તમે ન આવ્યા હોત તો અમારું મૃત્યુ થાત. ત્યારે મારુતિ કહે, હે પ્રભુ ! તમે કાળના પણ કાળ છો. તમારી હું શું રક્ષા કરી શકું ? તમારા સમાર્થ્યથી જ મારું સામર્થ્ય છે. છતાં મનુષ્ય નાટ્ય કરવા આપ ઈચ્છો છો. કુળ દેવતા હનુમાનજી પર પોતાની પ્રસન્નતા જણાવવા ફરી વખત તે બાળ મૂર્તિ હનુમાનજીને ભેટ્યા અને બોલ્યા કે હે હનુમાન! તમે હવે સિધાવો. અને આ જે મારું ચરિત્ર છે તેનું તમે નિત્ય સ્મરણ કરજો.

કાળી ચૌદશના પર્વ પ્રસંગે આપણે સૌ પણ હનુમાનજીનું દર્શન-પૂજન કરીને એ જ પ્રાર્થના કરીએ કે, હે ધર્મકુળના કુળદેવ હનુમાનજી ! અમે પણ ધર્મકુળના આશ્રિત હોવાથી શ્રીહરિના ચરણમાં તથા આ દિવ્ય સત્સંગમાં અમારો પ્રેમ નિરંતર વધતો રહે એવા આશીર્વાદ આપજો.

**પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સંતોના આ વર્ષના ઓસ્ટ્રેલીયા-ન્યુઝીલેન્ડના ધર્મયાત્રાની બધીજ ડોમેસ્ટીક તથા ન્યુઝીલેન્ડની ટીકીટની સેવાનો લાભ**

- **પ.ભ. શ્રી પ્રિતેશ મનજી હિરાણી**
- **શ્રીમતી કલ્પા પ્રિતેશ હિરાણી**
- **કુ. વિરલવ પ્રિતેશ હિરાણી**
- **કુ. વિકુશ પ્રિતેશ હિરાણી**

**આ પરિવારજનોએ ધર્મકુળ અને સંતોની સેવાનો લાભ લીધો હતો. પ્રભુ એમના પર ખૂબ કૃપા વરસાવે અને આવીને આવી સેવા કરવાની વિશેષ શક્તિ આપે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.**

# મૂળી ધામ ખાતે પ.પૂ.આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ

- સાધુ આત્મપ્રકાશદાસ (કોઠારી મૂળીધામ)

શ્રી નરનારાયણદેવની ગાદીના આચાર્યશ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ મૂળીધામમાં ધામધૂમથી અભૂતપૂર્વ ભવ્યાતિભવ્ય ઉજવાયો. શ્રીહરિના પરમ સખા સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી અને દેવાનંદ સ્વામીની કર્મભૂમિ મૂળીધામમાં બિરાજમાન શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજની સાનિધ્યમાં અને પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની નિશ્રામાં તા. ૬-૧૦-૨૦૧૧ વિજયા દશમીના રોજ પાંચસો જેટલા સંતો અને પચીસ હજાર હરિભક્તોની ઉપસ્થિતિમાં મૂળી મંદિરના વિશાળ પટાંગણમાં મહંત શાસ્ત્રી સ્વામી નારાયણપ્રસાદદાસજીના નેતૃત્વ હેઠળ પ્રાકટ્યોત્સવ ઉજવાયો. જન્મોત્સવના ઉપલક્ષમાં ૩૯ કલાકની સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધુન્ય તથા ત્રણ દિવસનો હરિયાગ યજ્ઞ તેમજ સમૂહ મહાપૂજા અને હનુમાનજી ગણપતિજીની મૂર્તિની પુનઃ પ્રાણ પ્રતિષ્ઠા રાખવામાં આવી.

મૂળી દેશના ઉત્સાહી હરિભક્તો ખેતીના કામની સિજન હોવા છતાં આગલા દિવસે મૂળી આવી પહોંચ્યા હતા. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આગલા દિવસે સાંજે પધાર્યા હતા.

વિજયા દશમીના પ્રસંગે વહેલી સવારે શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજનો મહાભિષેક રાખવામાં આવ્યો હતો. ત્યાર પછી અખંડ ધુન્યની પૂર્ણાહુતિ કરવામાં આવી. મહાવિષ્ણુયાગના સમાપન બાદ વિશાળ ચોકમાં સભા મંડપમાં દાંડીયા રાસની રમઝટની વચમાં રાજકોટ લક્ષ્મીનારાયણ દેવ યુવક મંડળ અને સુરત (પાલનપુર પાટીયા)ના હાલારી હરિભક્તો જેમ અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીને રાસથી જીતી લીધા હતા એમ હાલારી હરિભક્તોએ પ.પૂ. કોશલેન્દ્રપ્રસાદજી મહારાજને સભામાં રાસની રમઝટને વિજયા દશમીની પ્રતિક તલવારનો દાવ રમીને પ્રસન્ન કરી દીધા.

મૂળી, કાલુપુર અને જેલપુરના મહંત સ્વામી આદિ અગ્રગણ્ય સંતોએ ષોડશોપચારથી જન્મ દિવસે પૂજન આરતી કરી.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ સુવાસીની ભાભીના પ્રસાદીનાં કડલાંનું પૂજન કર્યું.

જન્મોત્સવના મુખ્ય યજમાન શ્રીજી સિરામિક મોરબી પરિવારના હરિભક્તો હરિભાઈ, તુલસીભાઈ, જીવરાજભાઈ આદિ હરિભક્તોએ પ્રથમ પૂજન કર્યું.

જેતલપુર સંસ્કૃત પાઠશાળાના ભૂદેવોએ સ્વસ્તિ વાચન ચાર વેદ ગાનથી વાતાવરણ પવિત્ર કરી દીધું. સભા સંચાલન પ્રફુલભાઈ ગઢવીએ સુંદર રજૂઆત કરીને સમયોચિત સંકલન કરી આપતા.

સંતોના પ્રવચનો શુભેચ્છાઓ યજમાનોનું સન્માન અને બ્રહ્માનંદ સ્વામીને ધર્મકુળ પ્રત્યે ખૂબજ લગાવ હતો. સ્વામી ધર્મકુળના પરંપરાના ભર પેટે ગુણ ગાતા તેજ રીતે મૂળીધામમાં સંતો હરિભક્તો ધર્મકુળ શ્રીજી મહારાજે આપેલા આપણા માટે ઉત્તમ પ્રસાદીની પરંપરા છે તેના જેટલા ગુણગાઈએ એટલા ઓછા પડે.

**સર્વોપરિ ભગવાનનું કાર્ય સર્વોપરિજ છે. સર્વોપરિએ બનાવેલ ધર્મવંશ આચાર્યપદ સર્વોપરિ છે.**

**ધર્મવંશને સર્વોપરિ ન માને તેને અને સર્વોપરિ ભગવાનને કોઈ લેવા દેવા નથી.**

એવી હૃદયના પવિત્ર ભાવના સાથે સંતો હરિભક્તોએ જન્મોત્સવ ઉજવ્યો.

પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ મંદિર અને દેવને વફાદાર સંતો જ સાચા વૈરાગ્યવાન સંતો છે એવા સિધ્ધાન્તની લાગણીઓ વ્યક્ત કરી.

# શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી.....

આપણાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આવતા દરેક હરિભક્તો કે મુમુક્ષુઓને અંતર મનમાં શાંતિનો અહેસાસ થાય છે તે વાત હવે નવી નથી પરંતુ વારંવાર આવતા અને નિયમિત આવતા લોકોને સતત આવો દિવ્ય અનુભવ થવો તે ચમત્કારથી વિશેષ છે.મ્યુઝિયમ ચાલતા આવતા હરિભક્તો કે શ્રી નરનારાયણદેવના અભિષેકનો લાભ લેતા હરિભક્તો ના ચહેરા પર અનંત શાંતિ અને દિવ્ય સંતોષ સ્પષ્ટ દેખાઈ આવે છે. કંઈ કેટલાય હરિભક્તો મ્યુઝિયમની રજકણને માથે ચઢાવી રોગ મુક્ત થયાના પ્રસંગો બનતા રહે છે.અભિષેક કરાવવાથી કેટલાય હરિભક્તોનાં મનના મનોરથ પૂર્ણ થયાના દાખલા છે. આ કોઈ મ્યુઝિયમની જાહેરાત નથી પરંતુ બહાર રાખવામાં આવેલ વીઝીટર્સ બુકમાં નોંધાયેલ અભિપ્રાયો છે. એ દિવ્ય અનુભૂતિનો અહેસાસ તો ત્યાં પ્રત્યક્ષ હાજર થવાથી જ થાય એટલે જ પ.પૂ.મોટા મહારાજશ્રીની મ્યુઝિયમ રૂપી આવી અલભ્ય ભેટને બિરદાવવી જ રહી. અને બિરદાવવા રહ્યાં તેમના આચરણને હા ! પૂ.મોટા મહારાજશ્રી નિત્ય મ્યુઝિયમમાં પધારી શ્રી નરનારાયણદેવના દર્શને જાય છે. અને ત્યાં રૂા. ૨૦/ભેટ પણ મૂકે છે. (મ્યુઝિયમની પ્રવેશ ફી )

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિભાવ ભેટયોજના અંતર્ગત નોંધાવનાર દાતાશ્રીઓની યાદી

- રૂા.૫૧,૦૦૦/- સાંખ્ય યોગી શાંતાબા સોની (હવેલી- કાલુપુર) હ. સોનલબેન એમ.પરમાર
- રૂા.૫૧,૦૦૦/- દિયાબેન પ્રકાશભાઈ વેકરિયા બળદિયા- લંડન
- રૂા.૧૯,૦૦૦/- એક સત્સંગી હરિભક્ત - કલોલ
- રૂા.૧૦,૦૦૦/- પંચરત્ન જ્વેલર્સ, અમદાવાદ
- રૂા.૧૦,૦૦૦/- પૂનમભાઈ મગનભાઈ પટેલ - કલોલ
- રૂા.૧૦,૦૦૦/- ઘનશ્યામ એન્જીન્યરીંગ
- રૂા.૭,૧૦૦/- કૌશલ કોર્પોરેશન
- રૂા.૫,૦૦૧/- લાભુબેન પરષોત્તમદાસ પટેલ (દાસભાઈ - હર્ષદ કોલોની બાપુનગર)
- રૂા.૫,૦૦૦/- જગદીશભાઈ કે. દરજી - બોપલ
- રૂા.૫,૦૦૦/- નગીનદાસ જમનાદાસ દોશી મણીનગર (મ્યુઝિયમની માનતાથી ગળાનું કેન્સર મટી ગયું)
- રૂા.૫,૦૦૦/- રવિભાઈ નારણભાઈ પટેલ - મોડાસા
- રૂા.૫,૦૦૦/- યશવંતભાઈ પટેલ
- રૂા.૫,૦૦૦/- કે.બી. પ્રજાપતિ
- રૂા.૫,૦૦૦/- અ.નિ.દુષ્યંતભાઈ વાડીભાઈ ઠક્કર અમદાવાદ હ. ચિ. માનસી

શ્રી નરનારાયણ દેવના અભિષેક માટેનો ચાંદીનો મોટો ત્રાંસ
અ.નિ.નટવરલાલ માણેકલાલ ભાવસાર, મૃદુલાબેન નટવરલાલ ભાવસાર
હ.નરેશભાઈ ભાવસાર, રેખાબેન ભાવસાર, સાવન નરેશભાઈ ભાવસાર, રૂપલ સાવન ભાવસાર

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ શ્રી નરનારાયણ દેવની મૂર્તિના અભિષેકની યાદી

| | |
|---|---|
| તા.૦૨-૧૦-૨૦૧૧ | શ્રી સ્વામિનારાયણ સત્સંગી ભાઈઓ - લવારપુર હ.પરષોત્તમદાસ કે. પટેલ પાલજ તથા મિનેષભાઈ જે. પટેલ |
| તા. ૦૪-૧૦-૨૦૧૧ | મનજીભાઈ શીવજીભાઈ હિરાણી તથા વનિતાબેન મનજીભાઈ હિરાણી નારણપર, કચ્છ હાલ હ્યુસ્ટન, અમેરિકા |
| તા. ૧૧-૧૦-૨૦૧૧ | લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની પ્રેરણાથી સાં.યો. શાંતાબા સોની (હવેલી- કાલુપુર) હ. સોનલબેન પરમાર |
| તા. ૧૨-૧૦-૨૦૧૧ | મહિલા મંડળ શ્રી સ્વામિનારાયણ મંદિર - હર્ષદ બાપુનગર હ. પુજારી રળિયાતમા |
| તા. ૧૬-૧૦-૨૦૧૧ | સત્સંગી મહિલા મંડળ, શ્રી સ્વામિનારાયણ મંદિર- નારણપુરા |
| તા. ૨૮-૧૦-૨૦૧૧ | રમેશભાઈ અંબાલાલ પટેલ ઉનાવા, હાલ સાબરમતી |

નોંધ: શ્રી સ્વામિનારાયણ મહામંત્ર લેખનબુક વિના મુલ્યે શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી મળશે.

---

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા/મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.
મ્યુઝિયમ મોબાઈલ:- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬
www.swaminarayanmuseum.org/com ● email:swaminarayanmuseum@gmail.com

# અભિપ્રાય

**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**

૧૫, ઓકટોબર-૨૦૧૧

આજે પ.પૂ.ધ.ધુ. શ્રી મોટા મહારાજશ્રી સાથે સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દરેક પ્રસાદીની વસ્તુઓના દર્શનનો લાભ મળ્યો. પ.પૂ. શ્રી મોટા મહારાજશ્રીએ ખૂબજ રસપૂર્વક સ્વયં ઘણી અગત્યની વસ્તુઓનો મહિમા અને ઈતિહાસ સમજાવ્યો. આજે સંપૂર્ણપણે એવી અનુભૂતિ થઈ કે, અક્ષરધામમાં ફરી રહ્યા છીએ. શ્રીજીના સ્વરૂપ સમા શ્રી પ.પૂ.મોટા મહારાજશ્રીનું સાનિધ્ય, નંદ સંતોના પ્રતિનિધિ સ્વરૂપ પ.પૂ. મોટા પી.પી. સ્વામી જેતલપુર અને સ.ગુ.શા. નિર્ગુણ સ્વામી તથા સેવકોની હાજરીથી વાતાવરણની દિવ્યતા હૈયામાં ઊભરાઈ રહી છે. જીવનમાં આવી ક્ષણો આજ દિન સુધી માણવા મળી નથી. છતે દેહે અક્ષરધામનું સુખ શું છે તે આજે સમજાયું. હરિભક્ત માત્રે આ મ્યુઝિયમમાં દર્શને અચૂક પણે આવવું અને તો જ જીવનની સાર્થકતા પરિપૂર્ણ થશે. (-પ્રો. હિતેન્દ્રભાઈ પટેલ)

જેટલું આ મ્યુઝિયમ વિશાળ છે તેનાથી પણ વિશાળ મોટા મહારાજશ્રી અને ધર્મકુળનું હૃદય છે કે જેમણે અનંત જીવોના કલ્યાણ માટે આ બ્રહ્માંડનો સૌથી મોટો (દિવ્ય) ખજાનો જાહેર જનતા માટે ખુલ્લો મૂક્યો છે. એમની કૃપાની તો કોઈ સીમા જ નથી. મહારાજ પોતાના ભક્તો પર અઢળક ઢળ્યા છે તેવીજ રીતે બાપજી આ અક્ષરધામ તુલ્ય મ્યુઝિયમ બનાવીને સર્વે માનવ જાત માટે અઢળક ઢળ્યા છે. સ્વપ્નમાં પણ કલ્પના ન થાય તેવી મહારાજની પ્રસાદીની વસ્તુઓ આજે પ્રત્યક્ષ જોવા મળી રહી છે.

મોટા સંતો કહેતાં અને ક્યાંક વાંચવામાં સ્મૃતિમાં પણ આવે છે કે મહારાજ જ્યારે આ પૃથ્વી પર પધારેલા ત્યારે તેમની સેવા કરવા માટે મુક્તો વસ્તુ/પદાર્થ રૂપે થઈને આવતા હતા માટે આ મ્યુઝિયમમાં જે જે આપણે વસ્તુ પદાર્થના દર્શન કરીએ છીએ તે તમામ અલૌકિક છે.

પરમ પૂજ્ય અતિ વ્હાલા એવા અમારા શ્રી મોટા મહારાજશ્રી આ વિશ્વમાં આવું અદ્‌ભુત અવિસ્મરણીય એવું શ્રી સ્વામિનારાયણ ભગવાનનું ધામ મ્યુઝિયમ એ ફક્ત મોટા મહારાજશ્રી અમારા ''બાપજી'' અતિ લાડીલા એવા શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી જ કરી શકે. અદ્‌ભુત દુર્લભ એવી ભગવાન સ્વામિનારાયણની વસ્તુઓનું કલેકશન એક જ જગ્યાએ દર્શન થાય તેવું કાર્ય કપરૂ હોવા છતાં મોટા મહારાજશ્રીની અથાગ મહેનતથી શક્ય થયું છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ મોટા મહારાજશ્રી દ્વારા સમસ્ત સત્સંગને ખૂબજ સુખ આપે એવી પ્રભુ-પ્રાર્થના સાથે વિરમુ. જયશ્રી સ્વામિનારાયણ.

(-આસુતોષ અને માયા બારોટ, એટલાન્ટા, અમેરિકા)

What a wonderful experience to take in a greet insight into our Sampraday. Thank you for displaying all of the different varieties of our Lords used Possessions. We would never would have experienced him if this museum was not here. Also thank you for making us feel welecome throughout our time at the museum. Cannot wait to come back again when the main hall is completed. Thank you once again for the wondeful experience. (S.B.)

Thank you so much for being with us for the visit of this wondeful musuem. It was realy so interesting and also moving to see and feel all these memorie of Lord Swaminaryana.

impressive collection, nice faculties very helpful guides.

આ મ્યુઝિયમ ને સાકાર રૂપ આપવામાં મોટા મહારાજશ્રીનો જે અથાગ પ્રયત્ન છે તેની કોઈ સાથે તુલના ન થાય. બિરદાવવાને પાત્ર છે અને તેમના ઉમદા વિચારો જે મ્યુઝિયમને સજાવવામાં ઉપયોગી થયા છે તે ધન્યવાદને પાત્ર છે.

- મૂળજીભાઈ ચૌધરી (બાલવા - અમેરિકા)

As I dont reside in Ahmedabad, it was very difficult for me to visit this Museum, though I come to Ahmedabad very often, due to busy shecdule of tife, I could never visit this divine place. But this time due to my Mother's saying I made my mind to visit it.

Just stepping into the musuem I, could feel divine and eternal peace in my mind. Being into different halls (Dham) I could feel so blessed that I got a chance to visit this. I could feel peace in my mind, I was completely relieved from my stress and worries. I would like to say that all the Satsangi and swayam Sevak here are very co-operative.

It is my pleasure and the blesisngs of Lord Narnarayan Dev that I belong to very religious family & got a chance to visit this place which relieved one of all the stress & worries.

I step out of this Musume with eternal peace and new way to my life that just believe and fave faith, way to your worries will be shown by one and only Lord Swaminarayan.

## લાડુ મોટા કેમ ?

- શાસ્ત્રી હરિજીવન સ્વામી (હિંમતનગર મહંતશ્રી)

અમદાવાદ-દહેગામ રોડ ઉપર અતિ પ્રસાદીનું ગામ વેલાલ આવેલું છે. શ્રીજી મહારાજ આ ગામમાં ત્રણ દિવસ રોકાયા અને જવાની તૈયારી કરી. તો ત્યાંના આગેવાન હરિભક્ત જેશીંગભાઈ બોલ્યા કે હે મહારાજ ! એમ નહિ જવાય. કેમ કે અહીં અઢાર જેટલા પાટીદાર પરિવારોમાં નવો સત્સંગ થયો છે. એ બધાને મેં કહ્યું છે, મહારાજ સૌના ઘરે જમવા પધારશે. એટલે એ બધા રાજી થઈ ગયા છે. તો આપે રોકાવું પડશે.

મહારાજે કહ્યું જેશીંગભાઈ ! જાઓ અઢાર ઘેર કહી દો કે આજેજ થાળ બનાવો. અમે થાળ જમવા આવશું. જેશીંગભાઈએ બધાને કહેવડાવ્યું કે મહારાજ સૌના ઘેર થાળ જમવા પધારશે. ગામડાની બહેનોએ ખુશ થઈ પ્રભુ માટે લાડુ બનાવ્યા. સાથે ભજીયા, પુરી, શાક વગેરે બનાવ્યું.

સૌ પ્રથમ શ્રીહરિ એક પટેલને ઘેર જમવા બિરાજ્યા. આગળ થાળી પીરસાઈને આવી. થાળીમાં ત્રણ-ચાર લાડુ, પુરી, શાક બધું હતું. મહારાજ કહે જેશીંગભાઈ ! જરા નિયમ બદલ્યો છે. અઢાર ઘેર જમવાનું છે. તેથી ફક્ત એક લાડુ જ જમશું. આ વાત સાંભળીને ઘરની સ્ત્રી બાજુના ઘરમાં જઈને કહી આવી કે મહારાજ બીજું કશું નહિ જમે. ફક્ત એક જ લાડુ જમવાના છે.

બાજુવાળી બહેન એટલી હોશિંયારને ભાવિક હતી કે ચાર-પાંચ લાડુ ભાંગીને એક મોટો લાડુ બનાવી દીધો. મહારાજ તેમના ઘેર પાટલે બિરાજ્યા. થાળીમાં નાળિયેર જેવડો લાડુ જોયો. મહારાજ કહે આ તો લાડુ છે કે લાડુડો! આ તો કઈ રીતે પહોંચી વળાશે ? હજુ સત્તર ઘેર જમવાનું છે. બાજુના ઘેર તો નાના માપના લાડુ હતા. અહીં આવડા મોટા કેમ છે ? ઘરના યજમાન સત્સંગી યુક્તિ પૂર્ણ વાણીથી બોલ્યા, હે મહારાજ શું કરીએ અમારા ઘરવાળા જનમજાત ગામડાના છે અને બાજુવાળા બહેન શહેરના છે. શહેરની બહેનો હોય એને બોલવાનું ઝીણું, શહેરી લોકોના કપડાંય ઝીણાં, એટલે એમના લાડુય ઝીણા હોય! અમે રહ્યા ગામડાના માણસો એટલે અમારૂં બોલવાનું જાડું. અમારા કપડાં પણ જાડાં મોદ જેવા ! અને મહારાજ ! અમારા લાડુ પણ જાડા (મોટા) એમાં અમારો શું વાંક ! અમારા ગામડીયા સ્વભાવ મુજબ બનાવી નાંખ્યું.

''જુઓ બોલી અમારીય જાડી,
જાડું ભોજન જમીએ દાડી,
જાડી પાઘડી ધોતિયું જાડું,
તેમ જાડા અમારા એ લાડુ.''

યુક્તિપૂર્ણ જવાબ સાંભળીને પ્રભુ હસ્યા, ભક્તજનોની ભાવના જોઈને મહારાજ બાકીના બધા ઘરે આવા મોટા લાડું જમ્યા.

## આનંદની હેલી

### આપણા આગામી ઉત્સવો

**કારતક સુદ-૧૨ :** તા. ૭-૧૧-૨૦૧૧ સોમવાર શ્રીરંગમહોલ ઘનશ્યામ મહારાજનો પાટોત્સવ (અમદાવાદ), વડતાલધામ પાટોત્સવ.

**કારતક સુદ-૧૪ :** તા. ૯-૧૧-૨૦૧૧ બુધવાર શ્રીસ્વામિનારાયણ મંદિર સિધ્ધપુર પાટોત્સવ.

**કારતક વદ-૨ :** તા. ૧૨-૧૧-૨૦૧૧ શનિવાર શ્રીસ્વામિનારાયણ મંદિર સુરેન્દ્રનગર પાટોત્સવ.

**માગસર સુદ-૫ :** તા. ૨૯-૧૧-૨૦૧૧ મંગળવાર શ્રી સ્વામિનારાયણ મંદિર ગાંધીનગર સેકટર-૨ પાટોત્સવ.

**માગસર સુદ-૬ :** તા. ૩૦-૧૧-૨૦૧૧ બુધવાર શ્રીસ્વામિનારાયણ મંદિર હિંમતનગર પાટોત્સવ.

**શ્રી સ્વામિનારાયણ માસિકમાં છાપવા માટે લેખ, સમાચાર અને ફોટોગ્રાફ્સ ઈમેલથી મોકલવા માટે નવુ એડ્રેસ**

**shreeswaminarayan9@gmail.com**






મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં ઉજવાયેલ
પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના ૩૯મા જન્મોત્સવની તસવીરો




























































## સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

### સાચી કમાણી

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

''ઉત્સવ પ્રિયા ખલુ માનવાઃ''

માણસોને ઉત્સવો ખૂબ જ પ્રિય હોય છે. પર્વોના દિવસો આવે એટલે મજા પડી જાય અને એમાંય જ્યારે દિવાળીના ઉત્સવો આવે ત્યારે તો જાણે સ્વર્ગ આવ્યું. મંદિરોમાં પણ આ ઉત્સવો દરમિયાન વિવિધ કાર્યક્રમો યોજાય અને ભાવિકો ઉત્સવોમાં જઈને ઉત્સાહપૂર્વક ભાગ લે.

જ્યારે ઉત્સવ સમૈયાની વાત આવી ત્યારે યોગીરાજ એવા આપણા ગોપાળાનંદ સ્વામીને પૂછીએ કે સ્વામી ઉત્સવ સમૈયામાં જઈને શું કરવું ? તો એનો જવાબ સ્વામીના શબ્દોમાં જ સાંભળીએ.

સમૈયામાં જઈને સત્પુરૂષની સોબત કરીને કમાણી કરવી.

ને તેને વધારવી

તે કોઈક તો વધારે છે ને કોઈક તો ઘટાડી પણ દે છે ને કેટલાક તો બરોબર પણ રાખે છે.

એ કમાણી શી ?

તો શ્રીહરિજીને વિષે મહાત્મ્યે યુક્તને ધર્માદિક અંગે સહિત જે ભક્તિ કરવી, તે પણ મહત્ પુરૂષના સંગે કરીને શીખવી.'' (પ્ર-૨, વાર્તા નં. ૯૮)

આપણા સંપ્રદાયમાં ઉત્સવ માટે એક શબ્દ વપરાય છે સમૈયો. સમૈયો શબ્દ આપણા સંપ્રદાયની પારિભાષિક આગવી શોધ છે. ક્યાંય પણ સમૈયો શબ્દ વપરાયો નથી. આ સંપ્રદાયમાં જ વપરાયો છે. તો આવા ઉત્સવો સમૈયા થતા હોય ત્યાં ગોપાળાનંદ સ્વામી કે છે કમાણી કરી આપવાની. કમાણી શબ્દ આપણે મોટે ભાગે ક્યાં વાપરીએ છીએ ખબર છે ને. ક્યાંય નોકરી, ક્યાંય વેપાર, ક્યાંય ધંધો, એમાં વપરાય છે. એટલે કમાણી શબ્દ મોટે ભાગે આર્થિક બાબત સાથે જોડાયેલો શબ્દ છે. પણ ગોપાળાનંદ સ્વામી જેવા સંત કહે છે સમૈયામાં જઈને સંતોની સોબત કરીને કમાણી કરવી. વળી સ્વામી આગળ લખે છે તેને વધારવી. વળી સ્વામી આગળ ત્રણ ભાગ પાડે છે. કોઈક તો સમૈયામાં જઈ કમાણી વધારે છે. કોઈક તો સમૈયામાં જઈ અને બરોબર રાખે છે. બરોબર એટલે શું ખબર છે ? કેટલા દિવસથી ભાઈ દુકાન ચલાવો છો ? છ મહિનાથી. નફો થયો ? ના, ના, નહિ નફો, નહિ નુકસાન. એવું ચાલે છે એટલે કે બરાબર રાખે છે. અને કેટલાક તો ઘટાડીને ઘેર આવે છે. સમૈયે ગયા તા તો શું લઈ આવ્યા, કંઈ નહિ, ખોઈને આવ્યા, ઘટાડીને આવે છે. ગોપાળાનંદ સ્વામી કહે છે કે સમૈયામાં જનાર ત્રણ પ્રકારના ભક્તો હોય છે. કેટલાક તો કમાણી વધારીને આવે છે. હવે કમાણી એટલે શું ? એ તો શ્રીહરિજીને વિષે માહાત્મ્ય યુક્ત ધર્મ આદિક અંગે સહિત જે ભક્તિ કરવી અને એ ભક્તિના પ્રકારો મહત્ પુરૂષોના સંગે કરીને શીખવા એનું નામ કમાણી છે.

આ કમાણી વધે કેવી રીતે ? આમાં સ્વામીએ લખ્યું છે કે સત્પુરૂષની સોબત કરીને કમાણી વધારવી. તે એક દિવસમાં વધતી નથી. બાળક એમ બોલે છે કે મારે પણ કાકાની જેમ એમ.બી.બી.એસ. થવું છે. તો એના માટે એણે વર્ષોની આરાધના કરવી પડે. એમ સંતોના પ્રસંગે ધર્મ ઓળખાય, જ્ઞાન ઓળખાય, વૈરાગ્ય ઓળખાય એની સાથે સાથે ભગવાનની ભક્તિની વૃદ્ધિ થાય.

આવા ઉત્સવ સમૈયામાં જઈએ આપણા સ્વભાવ જરાય બદલાય નહિ, આપણી ખામી જરાય ત્યજાય નહિ તો સમજી લેવું કે નહિ નફો કે નહિ નુકશાન, એટલે ને એટલે જ છીએ. એક ભાઈને પૂછ્યું ઉંમર કેટલી થઈ ? તો કે બાંસઠમું ચાલે છે. ઓ હો હો હો ! તમે નાના હતા ત્યારથી મંદિરો આવો છો નહિ ? હા. હા. એમાં કાંઈ કહેવાનું હોય ! અને એટલું જ નહિ, અમારા એક ગુરુ હતા એમણે કહેલું કે કાયમ સવારે ઉઠી અને પાંચ માળા ફેરવજે. હું બાર વરસનો હતો ત્યારથી આ નિયમ રાખેલું. બહુ સારું કહેવાય. તો હજુ પાંચ જ માળા ફેરવો છો ? તો કહે હા ! બારથી બાંસઠ વરસમાં એ પાંચ માળાથી જ ઊંચો ના આવ્યો. આવું હોય તો સમજી લેવું કે એને હજું સંતો પાસેથી કમાણી વધારી નથી. જો પગાર ઓછો મળતો હોય તો સ્ટાફ ભેગો થઈને હડતાળ પાડે કે આ મોંઘવારી છે તો કંઈક જરા વધારો કરો. એમ સત્સંગમાં, ભક્તિમાં, ભજનમાં થોડો વધારો થાય તો સમજવું કે કમાણી વધી અને એનું તાલીમ કેન્દ્ર એટલે જ ઉત્સવ સમૈયા. જેમ દંતયજ્ઞ અને નેત્રયજ્ઞ વગેરેના કેમ્પ રાખતા હોય છે તેમ સત્સંગરૂપી ભગવાનના મહિમારૂપી, ભક્તિરૂપી કમાણી વધારવાનો કેમ્પ એટલે ઉત્સવ સમૈયા.

આ નૂતન વર્ષે યોગીરાજ ગોપાળાનંદ સ્વામીના કહ્યા પ્રમાણેની કમાણી એટલે કે ભગવાનના મહિમા સાથેની

ભક્તિની અભિવૃદ્ધિ થાય એવી ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનના ચરણોમાં પ્રાર્થના સાથે બાલવાટિકાના વાચક સર્વે ભક્ત જનોને નૂતન વર્ષાભિનંદન સહ જય સ્વામિનારાયણ.

●

### ભાવ હોય તો ભગવાન જમે

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

આપણી સંસ્કૃતિમાં એવો રિવાજ છે કે નવા વર્ષમાં સહુ એકબીજાને મળે, સારા સંબંધો હોય તો એકબીજાને ઘેર બેસવા જાય અને દિવાળી પર જે કોઈ મઠીયા, સેવ, ફાફડા કે ઘુંઘરા બનાવ્યા હોય તો આગળ ડીશમાં ધરે અને એમાંથી કકડો મોઢામાં મૂકે. અને તમે આવજો તમે પણ આવજો. આમ કહીને વિદાય લે અને પછી બીજા આવે તેને પણ આગળ જમી ગયેલા ભાઈની પ્રસાદીની ડીશ મૂકવામાં આવે એ પણ એમાંથી લે આવું બધું ચાલ્યા કરે આ તો જગતનો વ્યવહાર થયો. પરંતુ તમે જો એમ ઈચ્છતા હો કે અમારે ઘેર ભગવાન આવે અને આવીને મીઠાઈ જમે તો આ વાત જરા શાંતિથી વિચારીને વાંચજો.

કળિયુગમાં માણસો એમ કહે છે કે અમારી પાસે ટાઈમ જ નથી. આજની વાત નથી. આજથી બસો વર્ષ પહેલા પણ આવી પરિસ્થિતિઓ રહેતી. હૈયામાં હેત હોય, ભાવ ભરપૂર હોય, ભક્તિ સત્સંગમાં દ્રઢ પ્રીતિ હોય પણ ઉચ્ચ અધિકારી હોદાના કારણે, તથા વેપારની ધીકતી કમાણીમાં ભગવાન તથા સંતોનો સત્સંગ કરી શકતા ન હોય. ત્યારે ખાતરી કેમ થાય કે ભગવાન સદાય અમારા ઘરમાં પ્રગટ બિરાજે છે.

વડોદરામાં રામચંદ્ર વૈદ્ય હતા. રામચંદ્ર વૈદ્ય સામાન્ય વૈદ્ય નહતા. રાજવૈદ્ય હતા. મોટા મોટા અધિકારીઓ સાથે તેમને મેળ હતો. રામચંદ્ર વૈદ્ય સત્સંગી થયા. પણ ભજન-ભક્તિનો કે સંત-સમાગમનો સમય જ ન મળતો. એક દિવસ મનમાં બહુ મૂંઝાયા. હું સત્સંગી થયો. પણ ભજન કરી શકતો નથી. આવી અતિશય મુંઝવણના લીધે તેમની ચિંતા દૂર કરવા સ્વામિનારાયણ ભગવાને સ્વયં દિવ્ય સ્વરૂપે દર્શન દીધા. મનની મુંઝવણ ચિંતા દૂર કરી આશ્વાસન આપ્યું.

પછી તો રામચંદ્ર વૈદ્ય આટલી મોટી પદવી ધરાવતા હોવા છતાંય નિત્ય-નિયમમાં ક્યારેય પાછા ન પડતા. જેવી રામચંદ્ર વૈદ્યને સત્સંગમાં દ્રઢ પ્રીતિ હતી. તેવીજ તેમનાં પત્ની અમૃતાબહેનમાં હતી.

પતિ-પત્ની બંને દરરોજ સાથે મળી સવારે ઠાકોરજીની આરતી કરતા. ''સુખી ગૃહસ્થની સાચી વ્યાખ્યા એ છે કે પતિ-પત્નીમાં સંપ અને સદ્‌ભાવ હોય'' બંને દંપતિ સવારે ઠાકોરજીની આરતી, સ્તોત્ર, શાસ્ત્ર વાંચન કરતા.

અમૃતાબહેન નિત્ય ઠાકોરજીના થાળ બનાવતાં. શાસ્ત્રો તથા સંતો કહે છે કે, ''જે ભગવાનને અર્પણ કરીને ભોજન કરે છે તે ભોજન પ્રસાદ બની જાય છે. અને શરીરમાં અમૃતપાન બરોબર ફાયદો કરે છે.''

આ અમૃતાબહેને એક દિવસ જલેબીનો થાળ બનાવ્યો. સિંહાસનમાં ઠાકોરજી સન્મુખ મૂક્યો. અમૃતાબહેનને જલેબી સારી આવડતી. એવી સરસ જલેબી બનાવે જેમાં ઘી શુધ્ધ હોય, પ્રેમભાવ અને સેવા ભાવથી બનાવી હોય એટલે એની સુગંધ પણ સારી આવે. એ રીતે બનાવીને સ્વામિનારાયણ ભગવાનને થાળમાં ધરી. ભગવાનની પ્રતિમાની પાસે થાળ ભરીને મૂકી.

આ રામચંદ્રભાઈ જાતે બેસી અને થાળ બોલ્યા,

**''આવજો છોગલા ધારી, મારે ઘેર, આવજો છોગલા ધારી,**
**લાડું જલેબીને સેવ સુવાળી,**
**હું તો ભાવે કરી લાવુ છું ભારી, મારે ઘેર.''**

જ્યાં થાળ પૂરો કર્યો ઉભા થયા તો જલેબીની એક થપ્પી ઓછી થઈ ગઈ.

સ્વામિનારાયણ ભગવાન જલેબીની થપ્પી લઈ ગામમાં એક ભક્ત બેનના ઘેર જઈને આપી આવ્યા. લ્યો આ પ્રસાદ આજ રામચંદ્રભાઈને ઘેર થાળ જમતા હતા. જલેબી સારી હતી. એટલે તમને પ્રસાદી આપવા આવ્યા છીએ. પછી એ બહેનને પણ થયું કે શ્રીજી મહારાજે મને આજે આ દિવ્ય પ્રસાદી આપી છે. તો લાવોને આજુ બાજુનાં બહેનોને વહેંચી આવું. ''બાટકે ખાના વૈકુંઠ જાના'' પ્રસાદ વહેંચીને ખાવો એકલા ઝાપટી ન જવો. આઠ જલેબી હતી. એટલે આ બહેને બધાને અડધી અડધી આપી સોળ સત્તર બહેનોને આ પ્રસાદ મળ્યો.

ત્યાં રામચંદ્રભાઈના કાને વાત આવી. જલેબીનો થાળ કોણે કર્યો હતો ? વૈદ્યરાજ ! તમારે ઘેર જ આજે જલેબીનો થાળ હતો. શ્રીજી મહારાજે અમને પ્રસાદીની આઠ જલેબી આપી. અને વાત કરી હતી. અમે બધાએ ભજન કરીને પ્રસાદ વહેંચી. ત્યારે રામચંદ્રભાઈને ખાત્રી થઈ કે સ્વામિનારાયણ ભગવાન મારે ઘેર મૂર્તિ સ્વરૂપે પ્રગટ પ્રમાણ બિરાજે છે. અને અમારો થાળ ભગવાન સ્વીકારે છે.

માટે સજ્જનો ! આ નૂતન વર્ષથી તમે પણ રામચંદ્રભાઈ વૈદ્ય તથા અમૃતાબહેનની જેમ નિત્ય ઘરમાં અથવા મંદિરમાં જઈ આરતી, સ્તોત્ર, પ્રાર્થના, સત્સંગ, કથાવાર્તા, થાળ, ધૂન જરૂરથી બોલજો તો ચોક્કસ ભગવાન સદાય તમારા ઘરમાં રહેશે.

**પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી**
**“પ્રભુ પ્રાપ્તિ માટે મન શુધ્ધ રાખવું જરૂરી છે”**
(સંકલન : કોટક વર્ષા નટવરલાલ, ઘોડાસર)

આપણા અંતઃકરણના અંતઃશત્રુઓ છે તેમા મન છે ને તે સૌથી વધારે બળવાન શત્રુ છે. આપણે યમયાતના, લખચોર્યાસી આ બધું ભોગવવું પડે છે. તે બધુ મન કરાવે છે. મન જીવને પરમાત્માથી જુદા પાડે છે. એટલે કે મન જ મનુષ્યના મોક્ષ થવામાં બાધારૂપ છે. માટે મન સામે સતત જ્ઞાનથી જાગૃતિ રાખવાની છે. જેમ પીપળાના પાન, વીજળીના ચમકારા, હાથીના કાન, અને મંદિર ઉપરની ધજાનો છેડો તે સ્થિર રહેતા નથી. તેના માટે સ્થિર રહેવું અઘરું છે. તેમ આપણા મનને સ્થિર રાખવું તે પણ ખૂબ મુશ્કેલ છે. દુર્ગુણ, અધર્મ, દોષ ગમે તે કહો પણ તે સૌ પ્રથમ મનમાં જ ઉત્પન્ન થાય છે. માટે પ્રયત્ન કરીને પંચ જ્ઞાનેન્દ્રિયો અને પંચવિષય બધામાંથી ખેંચીને મનને પરમાત્મામાં સ્થિર રાખવું.

પરમાનંદ સ્વામી હતા તે પૂર્વાશ્રમના વેરાભાઈ હતા અને ક્ષત્રિય હતા અને પૂર્વાશ્રમમાં તેમના ઘરના લોકોને કોઈ એવો રોગ થયો હતો ને એક વર્ષમાં તેમના બાવીસ માણસોનો નાશ થઈ ગયો કહેતા બધા જ મૃત્યુ પામ્યા. તેથી તે વેરાભાઈ મહારાજ પાસે આવે છે અને કહે છે કે હવે આપની કૃપાથી હું સુખીયો થઈ ગયો. તો આપ મને સાધુ કરો. તો મહારાજ તેમની જ્ઞાનસભર વાત સાંભળીને ખૂબ રાજી થાય છે. અને તેમને સાધુ બનાવે છે. પરંતુ ક્ષાત્ર પ્રકૃતિવાળા હોવાથી એક સમયે ખોખરા મહેમદાવાદની લડાઈમાં કોઈની તલવાર લઈને પોતાની ગોદડીની ઢાલ કરી મંડ્યા લડવા. એ તો કોઈને મારી શક્યા નહિ, પણ સામા પક્ષવાળાએ એક ઝટકે એમનો કાન ઉડાવી દીધો. તો મહારાજ કહે કે, સંત થઈને તમારાથી તાડન કરાય નહિ, માટે તમો સાધુના નિયમમાં રહ્યા નથી. માટે તમારાથી સાધુ સાથે ન રહેવાય. પછી મહારાજે તેમને ધોળા પહેરાવીને પોતાની સેવામાં રાખ્યા. તો આવુ શા માટે થાય છે ? તો વેરાભાઈના મનની વૃત્તિ શુધ્ધ નહોતી થઈ માટે આવુ થાય છે. માટે મનની અંદર રહેલી વૃત્તિ જ્યારે શરીરમાં સક્રિય બને છે ત્યારે અપરાધરૂપે સૌની સામે આવે છે. તો કહેવાનો અર્થ છે કે બહારથી સાધુ થતા પહેલા અંદરથી સાધુતા આવવી જરૂરી છે. અને મહારાજે પણ કહ્યું છે કે જે લોકો પોતાના મનને વશમાં રાખે છે તેના ઉપર હું જેટલો રાજી થાઉં છું તેટલો જપ, તપ, વ્રત કરે તેનાથી પણ નથી થતો. માટે મનને વસમાં રાખી પવિત્ર જીવન જીવવું. પશુ-પક્ષી પોતાના

# ભક્તિસુધા

આત્મ-સ્વરૂપને નથી સમજતા માટે પશુ-પક્ષી જે પાપ કરે છે તે અજ્ઞાનને લીધે કરે છે. માટે ભગવાન તેને માફ કરે છે. અને તેમને કર્મનું બંધન પણ નથી. માણસને ભગવાને બુધ્ધિ સમજણ આ બધું આપ્યું છે છતાં મનુષ્ય પોતાના મન પર નિયંત્રણ નથી રાખતો અને ખોટા કર્મ કરે છે, તો મહારાજ તેને માફ નથી કરતા અને મનુષ્યને તેના કર્મના ફળ અવશ્ય ભોગવવા પડે છે. અને સમજ અને જ્ઞાન હોવા છતાં માણસ ધર્મમય જીવન જીવતા નથી. પરિણામે માણસના જીવનમાં શાંતિ પણ નથી હોતી અને સ્વર્ગલોકમાં દેવોને પણ શાંતિ નથી. કેમ કે ? તેમને પણ એવી બીક રહે છે કે જ્યારે મારા પુણ્યકર્મોનો નાશ થશે ત્યારે મારૂ પતન થશે. કેમ કે સ્વર્ગની ભૂમિ તે ભોગ ભૂમિ છે. ત્યાં રહીને દેવો મનુષ્યો કરતાં હજાર ગણું વધારે સુખ ભોગવે છે. પરંતુ ત્યાં રહીને નવા પુણ્યનું ઉપાર્જન થઈ શકતું નથી. માત્ર મનુષ્ય દેહ જ એવો દેહ છે કે જો મનુષ્ય સંયમ અને વિવેકથી જીવે તો ભોગ અને ભગવાન બન્ને પ્રાપ્ત થઈ શકે છે. અને મનુષ્યને પણ તેના સંચિત પુણ્યની સંખ્યા પ્રમાણે સ્વર્ગના સુખની પ્રાપ્તિ થઈ શકે છે. પરંતુ જેમ આપણે આપણો મોબાઈલ ચાર્જ કરીએ છીએ અને તેમનું ચાર્જિંગ ખલાસ થઈ જાય તો ફરીથી ચાર્જ કરવો પડે છે. તેમ દેવ લોકોને પણ પુણ્ય કર્મ ખલાસ થતા પૃથ્વી લોક ઉપર પુણ્ય ચાર્જ કરવા આવવું પડે છે. તેમજ મોક્ષ મેળવવા માટે પણ મનુષ્ય દેહની જરૂર પડે છે. માટે જ મનુષ્ય દેહની દુર્લભતા બતાવી છે. અને તેને તેવો પણ ઈચ્છે છે. અને આમ પણ માણસનું નિર્માણ જ પ્રકૃતિથી ઉપર ઉઠવા અને પૂર્ણત્વને પામવા થયુ છે. પરંતુ ઘણા મનુષ્યો આ લોકમાં આવીને શરીર સુખને જ પોતાનું સુખ માને છે. સુખ પણ ત્રણ પ્રકારના છે. (૧) શરીર સુખ : શરીરનું સુખ ક્યારે મળે ? તો શરીર નિરોગી હોય ત્યારે શરીરનું સુખ મળે છે. (૨) પ્રાણ સુખ : તો પ્રાણનું સુખ ક્યારે મળે ? તો મન નિરોગી હોય ત્યારે પ્રાણનું સુખ મળે. અને મન નિરોગી ક્યારે કહેવાય ? તો ક્રોધ, માન, માયા, લોભ વગેરેમાંથી મનની વૃત્તિ શુધ્ધ થઈ ગઈ હોય ત્યારે મન નિરોગી કહેવાય. અને મન શુધ્ધ થાય ત્યારે જ પરમાત્માની ઓળખાણ થાય છે. અને પરમાત્માની ઓળખાણ થાય ત્યાર પછી જ આત્મામાં પરમાત્માના દર્શન થાય છે અને (૩) આત્માનું

સુખ : તો આત્માનું સુખ ક્યારે મળે ? તો આત્મામાં પરમાત્માનાં દર્શન થાય ત્યારે જ આત્માનું સુખ મળે છે. અને દર્શન પણ ત્રણ પ્રકારના છે. (૧) સાધારણ દર્શન : તો સાધારણ દર્શન કોને કહેવાય ? તો તમને સ્વપ્નમાં ભગવાનના દર્શન થાય તેને સાધારણ દર્શન કહેવાય. (૨) મધ્યમ દર્શન : આપણે મંદિરમાં જે મૂર્તિનું દર્શન કરીએ તેને મધ્યમ દર્શન કહેવા. (૩) ઉત્તમ દર્શન : તમને આત્મામાં જ્યારે પરમાત્માના દર્શન થાય તેને ઉત્તમ દર્શન કહેવાય. સ્થાવર જંગમ અને સર્વે મનુષ્યોમાં બધામાં પરમાત્માના દર્શન થાય તો તેને અપરોક્ષ જ્ઞાન કહેવાય. અને પરોક્ષ જ્ઞાન કોને કહેવાય ? તો ક્યાંક ક્યાંક કોઈક જગ્યાએ અને ક્યારેક કોઈક વ્યક્તિમાં ભગવાનના દર્શન થાય તેને પરોક્ષ જ્ઞાન કહેવાય. તમે બધામાં ઈશ્વરના દર્શન કરશો તો કોઈના પ્રત્યે શત્રુભાવ નહિ રહે. અને હું જે કાંઈ દુઃખ ભોગવું છું તે મારા પ્રારબ્ધ કર્મ ફળના હિસાબે ભોગવું છું. આવું રહેશે તો ક્યારેય બીજા સાથે શત્રુતા નહિ રહે. ઘણાને એમ સવાલ થાય કે બધામાં ઈશ્વર જોવાથી બધા જ ઈશ્વર થઈ ગયા તો કોઈ મનુષ્ય રહ્યા જ નહિ ને ? તો તેવું નથી, દેવ અને ઈશ્વર તો ઘણા બધા છે. પણ પુરૂષોત્તમ નારાયણ તો એક જ છે. જેમ લાકડામાં સૂક્ષ્મ સ્વરૂપે અગ્નિ સમાયેલો છે તેમ પરમાત્મા પ્રત્યેક જીવમાં સુક્ષ્મરૂપે રહેલા છે. જેમ આપણે કોઈ વાસણમાં ગંગાજળ ભરીએ તો તેને ઓળખવા માટે કહેવું પડે છે કે આ વાટકીમાં ગંગાજળ છે. પરંતુ જો એ જ ગંગાજળ ગંગા નદીમાં પધરાવી દઈએ તો તેની ઓળખાણ આપવી પડતી નથી. તો જેમ વાસણના આવરણને લીધે ગંગાજળ ઓળખાતું નથી તેમ મનુષ્ય શરીરમાં પણ પરમાત્મા રહેલા છે. પરંતુ મનુષ્ય શરીરના અને માયિક પદાર્થના આવરણને લીધે પરમાત્મા ઓળખાતા નથી. પરંતુ દરેક આત્મામા રહેલા છે. અને દરેક પળે સારા કર્મો માટે મનમાં ઉત્સાહ, આનંદ, અને નિર્ભયતા ઉત્પન્ન કરે છે. અને ખોટા કર્મો માટે ભય શંકા, શરમ અને દુઃખ ઉત્પન્ન કરે છે. ત્યારે સંસારમાં જે મહાન અને જ્ઞાની લોકો છે તે પરમાત્મા સાથે સંકળાયેલા હોવાથી તેમના સંકેતને સમજી લે છે અને જગત સંબંધી પંચ વિષયમાં મન ખેંચાય છે. ત્યારે જ્ઞાનથી મનની સામે જાગૃતિ રાખે છે. કેમ કે મનને સમજ દ્વારા જ નિયંત્રિત કરી શકાય છે. અને ખોટા કર્મોથી બચીને સારા કાર્યો જ કરે છે. પરિણામે આવા મનુષ્યો સુખ-શાંતિ અને સ્વતંત્રતાભર્યું જીવન વિતાવે છે. તો આમ સારા કાર્યો કરી પ્રભુ પ્રાપ્તિ માટે મનને શુધ્ધ રાખવાનો સતત પ્રયત્ન કરવો.

●

### મનમાં મુંઝવતા પ્રશ્નોનું સમાધાન આપતો અદ્‌ભુત ગ્રંથ વચનામૃત

(સાં.યો. ગીતાબા તથા આનંદીબા - વિરમગામ)

આજથી આશરે ૧૮૯ વર્ષ પૂર્વે શ્રી સ્વામિનારાયણ ભગવાનના સ્વમુખમાંથી વચનામૃત રૂપી વાણી અવતરી. વિશ્વના કોઈ પણ યુગમાં, દેશમાં કોઈ પણ સ્થળે અને સમયે કોઈપણ ધર્મના જ્ઞાતિના કુળના વર્ણના કે આશ્રમના તવંગર, ભણેલ હોય કે અભણ રાજા હોય કે પ્રજા ગમે તે હોય અને તેને સમજાય કે ન સમજાય તે માને કે ન માને અથવા તો સ્વીકારે કે ન સ્વીકારે પણ તે પ્રત્યેકને પોતાના જીવનના અસ્તિત્વ માટે જેમ હવાની જરૂર છે તેમજ માનવ જીવન ના અનંત પ્રશ્નોના કાયમી ઉકેલ માટે અનંત પ્રકારના દુઃખોમાંથી અને જન્મ મરણની ઘટમાળમાંથી મુક્તિ માટે તથા શાશ્વત શાંતિ માટે જીવનની પ્રત્યેક ક્ષણે જેની સૌથી વધારે કેવળ આવશ્યકતા જ નહી પણ અનિવાર્યતા છે એવું આધ્યાત્મજ્ઞાન વચનામૃતના પાને પાને ઠસોઠસ ભરેલું છે. આવુ જ્ઞાન સંતોએ દાખડો વેઠીને મહેનત કરીને આપણને આપ્યું છે. દરેકના ઘરમાં વચનામૃત છે. પરંતુ ખોલવાનું નહીં. ધર્મની વાત આવે તો ગૃહસ્થને કહીએ તો કહે કે પાળવાનું તો ત્યાગીને, ખેલ ખેલવાના તો ગૃહસ્થને, ગૃહસ્થને કાંઈ કરવાનું જ નથી તો શ્રીજી મહારાજે ગૃહસ્થના ધર્મ શા માટે લખ્યા.

કાંઈ કરવાનું મન ન થાય, પડી રહેવાનું મન થાય એ આળસ જરૂર કરતા વધારે આરામ એ પણ આળસ. ગરીબીનું મૂળ આળસ. આળસ કરવામાં ભલે મજા આવે પણ એ મજા કરતા હજાર ગણી સજા ભોગવવી પડે છે.

માટે વ્હાલા ભક્તો વચનામૃત આપ મેળે નહી સમજાય એના માટે તમારે કોઈ પણ ત્યાગીનો સમાગમ કરવો પડે છે. સંત સમાગમ વિના જ્ઞાન આવતું નથી.

સાળંગપુરના ૧૧ મા વચનામૃતમાં મુક્તાનંદ સ્વામીનો પ્રશ્ન છે. પુરૂષ પ્રયત્ન શાસ્ત્રમાં કહ્યું છે. તે પુરુષ પ્રયત્ને કરીને કેટલું કામ થાય છે. અને પરમેશ્વરની કૃપાએ કરીને કેટલું કામ થાય છે. શ્રીજી મહારાજે જવાબ આપ્યો છે. સદ્‌ગુરૂને સત્તશાસ્ત્રને વચને કરીને દ્રઢ વૈરાગ્યને પામ્યો હોય અને અહિંસા ધર્મને વિષે દ્રઢ પ્રીતિવાન હોય અને આત્મનિષ્ઠા પણ અતિ પરિપક્વ હોય તો તેને માથેથી જન્મ મરણની નિવૃતિ થાય છે. શાળ (ડાંગર)ને માથેથી ફોતરૂ ઊતર્યુ તે શાળ ઉગે નહી તેમ કહ્યાં એવે ગુણે કરીને જે યુક્ત હોય તે અનાદિ અજ્ઞાનરૂપ જે માયા તેથી છૂટે છે. ને જન્મ મરણ થકી રહિત થાય છે. ને આત્મ સત્તાને પામે છે. આટલુ તો પુરૂષ

પ્રયત્ને કરીને થાય છે. અને પરમેશ્વરની કૃપા પણ જે એવે લક્ષણે યુક્ત હોય તે ઉપર જ થાય છે. અને જ્યારે પરમેશ્વરની કૃપા થાય ત્યારે એ ભગવાનનો એકાંતિક ભક્ત થાય છે. આ જવાબ શ્રીજી મહારાજ પોતે આપે છે કે, આવો જે ભક્ત હોય તેના ઉપર ભગવાનની કૃપા થાય છે. અને મહારાજ રાજી થાય છે. તો આપણને સૌને મહારાજને રાજી કરવાનું તાન હોય છે. તો વ્હાલા ભક્તો વારે વારે મનુષ્યનો જન્મ મળતો નથી. આ વખતે શ્રીજી મહારાજે દયા કરીને મનુષ્ય જન્મ આપ્યો છે તો આપણામાં જે માયાના પડ જન્મોજન્મના જામેલા છે તે સત્સંગ કરીને આપણા હૃદય રૂપી ઘરમાં જ્ઞાન રૂપી દિપ પ્રગટ કરીએ તો મહારાજ આપણા હૃદયમાં અખંડ રહે તે અજ્ઞાન દૂર કરવા માટે સંત સમાગમ કરવો પડે છે. અક્ષરધામમાંથી સંતોને સાથે લઈને આવ્યા છે.

ચારિત્ર્ય એ જીવનનો પાયો છે. અને એનું ઘડતર કરનાર સાધુ સંતો જ છે. સાધુઓ પોતે ઘડાયા છે. અને અનેકને તેઓ ઘડે છે. સાધુની વ્યાખ્યા જ આપણા શાસ્ત્રકારોએ આ રીતે કરી છે. પોતાનું અને અન્યનું કાર્ય સિધ્ધ કરે તે સાધુ. અન્યને સુખ આપે તે સંત પણ બીજા પાસેથી સુખ લે તે સંત નહી. વિખરાયેલાને ભેગા કરે અને વિફરેલાને શાંત કરે તે સંત. સુતારનું મન બાવળિયે, રાજ કારણીનું મન કાવડિયે. અને સાચા સંતનું મન શામળિયે. એટલે કે શ્રી સ્વામિનારાયણ ભગવાનમાં જ જેનું મન હોય તેને સંત જાણવા. માટે સંત સમાગમ જરૂરી છે.

એક કલ્યાણ ભક્ત હતા. સાધારણ સ્વભાવ તેજ હતો વાત વાતમાં ગરમ થઈ જાય. પૂજા પાઠ કરે સત્સંગ સભામાં જાય પણ સ્વભાવમાં કાઈ ફેર થયો નહીં. ખેતીવાડીમાં ધ્યાન આપે નહી તેથી તેની માએ કહ્યું દીકરા તું મોટો થયો લગ્ન કરવાનો સમય નજીક આવે છે. તો ધંધામાં ધ્યાન રાખે તો બહુ સારૂ થાય. તારા બાપુજી તને પાંચ વરસનો મુકીને ગુજરી ગયા છે. મેં દુઃખ વેઠીને તને ભણાવ્યો છે. આવી ભલામણ માએ કરી ત્યાં દીકરો એકદમ ગુસ્સે થઈ ગયો જોરથી માને ધક્કો માર્યો. માથું દિવાલમાં ભટકાયું અને સગી જનેતા માવડીનું મૃત્યુ થઈ ગયું. આખું ગામ કલ્યાણ પર ખીજાયું. માતૃ હત્યારા ધિક્કાર છે તને ? પાપી સગી માવડીને મારતા તારૂ કાળજું કપાઈ ન પડ્યું ? જે માવડીના ખોળામાં બેસીને સ્તનપાન કર્યું તેને ધક્કો દઈ મારી નાખી પાપી.

તારા હાથનું ખવાય નહીં. ને તારૂ મોઢુ જોવાય નહીં. નીકળી જા ગામની બહાર. બધા માણસોએ તિરસ્કાર કર્યો. ગામ છોડી જંગલમાં જતો રહ્યો. જંગલમાં સંતાઈને રહે. કોઈ પસાર થાય તો મારી કુટીને માલ લૂંટી લે. ભ્રષ્ટાચારી થઈ ગયો. જંગલમાં રખડ્યા કરે. આ સમયમાં શ્રી સ્વામિનારાયણ ભગવાન વડતાલમાં સમૈયા કરવાના છે. બે સંતો સામૈયાના દર્શન કરવા જાય છે. આ ઘાટા જંગલમાંથી પસાર થયા તેમાં એક સાધુ ઓચિંતા બિમાર થઈ ગયા. ચાલી શકે તેવી સ્થિતિ નથી. રાત્રીનો સમય થયો. હવે શું કરવું ? વૃક્ષ નીચે બેઠા બેઠા સતત સ્વામિનારાયણ ભગવાનને યાદ કરે છે. સાધુ ને જોયા ને લુંટારો નજીક આવ્યો સંતના દર્શન થતા પવિત્ર વિચાર જાગૃત થયો. પગે લાગીને બેઠો. સાધુરામ ? તમે કેટલે સુધી જાવ છે ? સંતોએ કહ્યું અમે વડતાલ સમૈયાના દર્શન કરવા જઈએ છીએ. લૂંટારાએ કહ્યું અહીંથી વડતાલ સાત ગાઉ દૂર છે. તો કઈ રીતે ત્યાં પહોંચશો ?

અહીં રહેવાય તેમ નથી. હિંસક જનાવર ફરે છે. તો તમને મારી નાખશે. સંતોએ કહ્યું શ્રીજી મહારાજની મરજી હશે તેમ થશે. ડાકુ પોતાની બાબત સંભળાવે છે. સ્વામીજી મારાથી મોટું પાપ થઈ ગયું છે. સગી જનેતાને મારી નાખી છે તેથી સમાજમાં મોઢું બતાવાય તેમ નથી. જંગલમાં રખડું છું ને દિવસ પસાર કરૂ છું પસ્તાવાનો પાર નથી. આટલું બોલતા ડાકુ રડી પડ્યો. ધીરજ આપતા સંતોએ કહ્યું રડો નહી ? ભવિષ્યનો વિચાર કરવો જોઈએ કે હું ખિજાઈ ને કાંઈ અનર્થ કરીશ તો ખરાબ અસર થશે. અને પરિણામ સારૂં નહી આવે. ભગવાન તમારૂં સારૂં કરશે. તમે પણ અમારી સાથે વડતાલ ચાલો. ડાકુએ બિમાર સંતને પોતાના ખભા ઉપર બેસાર્યા અને પગ પાળા ચાલતા વડતાલ આવ્યા શ્રીજી મહારાજ સંતોની સભામાં બિરાજમાન છે. ત્યાં આવીને બિમાર સંતને ધીરેથી હેઠા ઉતાર્યા. શ્રીજી મહારાજને પગે લાગીને ચરણમાં વંદન કર્યા. પ્રભુએ કરૂણા દ્રષ્ટિ કરી ઓ હો ? મારા સંતને ખંભે બેસારી અહીં લાવ્યા. તરત સમાધિ થઈ ગઈ. સમાધિમાં અક્ષરધામના દર્શન થયા. પાપ બળીને ભસ્મ થઈ ગયા અને હૃદયમાં પરમાત્માનો દિવ્ય ભક્તિનો પ્રકાશ પથરાઈ ગયો. છતે દેહે અક્ષરધામના જેવું સુખ ભોગવે છે. અનન્ય ભાવથી પરમાત્મામા જોડાઈ ગયા. સિંહની હાંક વાગે ને શિયાળીયા નાસી જાય તેમ કલ્યાણભાઈના પાપ સર્વે સંત સેવાથી નાસી ગયા. માટે સંત સેવા ઉત્તમ છે.

સારંગપુરના ૧૧ માં વચનામૃતનો સાર પણ એજ છે કે પુરૂષ પ્રયત્ન કરીને પોતાનો મોક્ષ કરી લેવો. અને પોતાના બાળકોને પણ સંત સભામાં મોકલવાનો ખટકો રાખવો.

# પ્રશ્નપેટી

સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી (શ્રી સ્વામિનારાયણ મંદિર, જેતલપુર)

પ્ર. : ૧ ''જો તમે કાંઈ પણ ઉપદ્રવ કરશો તો તમને બંદુકના ભડાકે ઉડાડી દેવામાં આવશે.'' - કોણે કોને કહ્યું તે પણ ક્યાં ?

પ્ર. : ૨ શ્રીજી મહારાજ કાઠીઓને સાથે લઈ માણાવદર ગામે પધાર્યા. મયારામ ભટ્ટે મહારાજ માટે ચોખા રંધાવ્યા પણ તેમાં કાંકરી વિશેષ હતી તેથી મહારાજે ભટ્ટજીની મશ્કરી કાઠીઓ ન કરે તે માટે કર્યું પ્રકરણ ચલાવ્યું હતું ?

પ્ર. : ૩ અન્નકૂટ ઉત્સવની સેવાની જવાબદારી કોના શિરે હતી ?

પ્ર. : ૪ ''ભગવાનને નવ પ્રકારની ભક્તિએ કરીને ભજવા તેને ભક્તિ જાણવી અને ભગવાનને સદા સાકાર સમજવા તેને ઉપાસના જાણવી.'' શ્રીજી મહારાજે આ વાત ક્યા વચનામૃતમાં કરી છે ?

પ્ર. : ૫ જ્ઞાન કોને જાણવું ? - શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં છે ?

પ્ર. : ૬ ''હાંરે હરિકૃષ્ણ હૈયાનો મારે હાર છે, હાંરે જીહો જોઈને જીવું છું, સુંદર મૂર્તિ રે.'' આ કીર્તનના રચયિતા કોણ છે ?

પ્ર. : ૭ શાસ્ત્રમાં ભગવાનની મૂર્તિના ચાર પ્રકારના ધ્યાન કહ્યા છે તેના નામ જણાવો.

## ઓક્ટોબર-૨૦૧૧ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને ઉત્તરો આપનારના નામ

(૧) થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે એને જ બુદ્ધિવાળો કહીએ. (૨) પ્રલંબાસુર. (૩) બ્રહ્માનંદ સ્વામી. (૪) વિષ્ણુ, બ્રહ્મા, શિવ. (૫) ઘોડાસરના રાજા જાલમસિંહને. (૬) કુંતિમાતા, સત્રાજીત, કર્ણ. (૭) ''સ્વામીનો તો અભિપ્રાય આવો છે ત્યારે તેમને હું શી રીતે પૂછું જે હું ઘર કરું ?''

૧. શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજી (પ્રભા હનુમાનજી જમીયતપુરા)
૨. સાધુ રામેશ્વરદાસજી ગુરુ નારાયણપ્રસાદદાસજી (સ્વા. મંદિર મહેસાણા)
૩. નાની બહેન (વિરાટનગર-ઓઢવ)
૪. જ્યોત્સનાબેન (આનંદપુરા)
૫. સંદિપ, રાજેશભાઈ, ભક્તિભાઈ (ઝુલાસણ)
૬. પટેલ ગંગાબહેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૭. ભક્તિભાઈ ભોળાભાઈ પટેલ (ઝુલાસણ)
૮. પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ (નાંદોલ)
૯. પટેલ અર્જનાબેન મનુભાઈ (નાંદોલ)
૧૦. પટેલ શારદાબેન કાંતિભાઈ (નાંદોલ)
૧૧. ભાવસાર કપિલાબેન નટવરલાલ (લાંઘણજ)
૧૨. ભાવસાર સુમિત્રાબેન એન. (વિસનગર)
૧૩. સાં.યો. કોકીલાબા, ઉષાબા (સુરેન્દ્રનગર)
૧૪. વસંતીબેન અને શકરીબેન પટેલ (લાંઘણજ)
૧૫. ભાવસાર પલ્લવીબેન વિષ્ણુકુમાર (લાંઘણજ)
૧૬. પટેલ ડઈબેન આત્મારામદાસ (લાંઘણજ)
૧૭. પટેલ વિઠ્ઠલભાઈ નવિનદાસ (રાણીપ)
૧૮. પટેલ શારદાબેન વિઠ્ઠલદાસ (ડાંગરવા)
૧૯. સુભદ્રાબેન અમૃતભાઈ પટેલ (વડું)
૨૦. કોકીલાબેન ઘનશ્યામભાઈ પટેલ (વડું)
૨૧. માધવજીભાઈ હરખજીભાઈ આદ્રોજા (મોરબી)
૨૨. પટેલ ધર્મિષ્ઠાબેન રવિન્દ્રભાઈ (રાજપુરવાળા)
૨૩. સ્વામિનારાયણ મંદિર (ભાઈઓનું) (સીતાપુર)
૨૪. વિઠ્ઠલપરા અમરશીભાઈ (નવસારી)
૨૫. પટેલ દક્ષાબેન ઘનશ્યામભાઈ (અમદાવાદ)
૨૬. ભાવસાર વીણાબેન આર. (અમદાવાદ)
૨૭. સાં.યો. શિલ્પાબા અને શિતલબા (હવેલી-અમદાવાદ)
૨૮. ડાભી મફાજી સરદારજી (ડાંગરવા)
૨૯. પટેલ ગોરધનદાસ શંકરદાસ (સોજા)
૩૦. ઘર સભા (લુણાવાડા)
૩૧. પટેલ અલકાબેન દિનેશભાઈ (લુણાવાડા)
૩૨. પટેલ પ્રવિણભાઈ બી. (ન્યુજર્શી)
૩૩. પટેલ કોકીલાબેન પી. (ન્યુજર્શી)
૩૪. પરમાર ભાનુબેન ભગવાનજીભાઈ (બોડકા)
૩૫. ભાવસાર અરવિંદાબેન એન. (ચાંદલોડીયા)
૩૬. સાં.યો. મંજુબા, ભારતીબા (હવેલી)
૩૭. મોદી અમૃતલાલ ક. (સોજા)
૩૮. કા. પટેલ રાજેશકુમાર કોહ્યારામ (લુણાવાડા)
૩૯. પટેલ રેખાબેન કીર્તિકુમાર (ઉંઝા)
૪૦. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૪૧. અડાલજા કંચનબેન બાબુભાઈ (રતનપર)
૪૨. ટાંક જ્યોત્સનાબેન અરવિંદભાઈ (હિંમતનગર)

### નૂતન વર્ષાભિનંદન

પ્રશ્નપેટી વિભાગના વાચક હરિભક્તોને નૂતન વર્ષ સુખદાયક, ફળદાયક નિવડે તેમજ જીવનમાં શ્રીનરનારાયણદેવ, આચાર્ય મહારાજશ્રી અને સંતો પ્રત્યેની નિષ્ઠા, ઉપાસના પાકી રહે તેમા ફેર ન પડે તેવી નૂતન વર્ષના પ્રારંભે ભગવાન શ્રીસ્વામિનારાયણ અને નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના કરીએ.

આપ પ્રશ્નપેટી વિભાગમાં જેવી રીતે મહેનત કરીને જવાબો સાચા લખીને મોકલો છો તે ખૂબજ ધન્યવાદને પાત્ર છે. આપ સૌને અમારા નવા વર્ષના જયશ્રી સ્વામિનારાયણ...

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

| તિથિ | રસોઈ આપનાર | ગામ |
|---|---|---|
| ભાદરવા સુદ-૨ | કાન્તિભાઈ મગનભાઈ પટેલ (હ. પ્રાણજીવન સ્વામી, ઉનાવા) (ચુરમાના લાડુ) | ઉનાવા |
| ભાદરવા સુદ-૨ | કાનજી દેવજી ભુડીયા (ચુરમાના લાડુ) | માનકુવા-કચ્છ |
| ભાદરવા સુદ-૪ | પટેલ રામાભાઈ પૂંજાભાઈ કોઠારી (હ. રઘુવીર સ્વામી) (ચુરમાના લાડુ) | લક્ષ્મણપુરા |
| ભાદરવા સુદ-૪ | રામુબેન નારણભાઈ (ચુરમાના લાડુ) | મેડા |
| ભાદરવા સુદ-૬ | રાધાબેન નારણ રાબડીયા (બુંદીના લાડુ) | માંડવી |
| ભાદરવા સુદ-૭ | બેચરભાઈ કરશનભાઈ પટેલ (બુંદીના લાડુ) | દાંતીવાડા |
| ભાદરવા સુદ-૭ | જગદીશભાઈ નંદલાલ ભટ્ટ (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૭ | કુંદનબેન (હ. વિશ્વવિહારી સ્વામી) (કાજુબદામમૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૭ | હસમુખભાઈ ચુનીલાલ શાહ (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૯ | લાલજીભાઈ બચુભાઈ બુટાણી (હ. ભાઈલાલભાઈ) (ચુરમાના લાડુ) | સુરત |
| ભાદરવા સુદ-૧૦ | પરબત રામજી ભુડીયા (હ. બ્ર. રાજુ સ્વામી) (ચુરમાના લાડુ) | લાઠીદડ |
| ભાદરવા સુદ-૧૦ | ગોવિંદભાઈ ખીમજીભાઈ પટેલ (હ. દશરથભાઈ, જીગ્નેશભાઈ) (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૨ | ઓચ્છવ મંડળ (દૂધપાક-પુરી) | |
| ભાદરવા સુદ-૧૪ | હિંમતલાલ કાળીદાસ (અ.નિ. કમળાબેનના સ્મરણાર્થે) (મગશ) | અમદાવાદ |
| ભાદરવા સુદ-૧૪ | સુરેશભાઈ અંબાલાલભાઈ પટેલ (મગશ) | મેડા |
| ભાદરવા વદ-૧ | પરેશભાઈ પટેલ (જન્મદિવસ નિમિત્તે) (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧ | અ.નિ. ચંદુભાઈ નારાયણભાઈ પટેલ (હ. યજ્ઞેશભાઈ, હર્ષદભાઈ) (મોહનથાળ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૨ | અ.નિ. જશુમતિબેન રવિશંકર રાવલ પુણ્ય તિથિ નિમિત્તે (હ. ભાસ્કર ભગત) (દૂધપાક) | સાળંગપુર |
| ભાદરવા વદ-૨ | શારદાબેન પી. ઠક્કર (હ. મહેન્દ્રભાઈ પી. ઠક્કર) (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩ | ચૌધરી ગાંડાભાઈ કેશવલાલ (ચુરમાના લાડુ) | બાલવા |
| ભાદરવા વદ-૪ | અમીન કેશવલાલ ભલાભાઈ (મગશ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | વાસુદેવભાઈ ગજ્જર (હ. બ્ર. રાજુ સ્વામી) (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૪ | અ.નિ. રેખાબેન અંબાલાલ પટેલ (મગસના લાડુ) | રાયણીયા |
| ભાદરવા વદ-૫ | પટેલ ગોવિંદભાઈ રામદાસ, કાંતિલાલ રામદાસ પટેલ (મગશ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૬ | અ.નિ. મોહનભાઈ ડાહ્યાભાઈ (હ. કાશીબેન) (માલપુવા) | અમદાવાદ |
| ભાદરવા વદ-૬ | જયંતિલાલ ઉજમશીભાઈ પાટડીયા (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૬ | અ.નિ. ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ ભાવસાર (હ. જીતુભાઈ) (ચુરમાના લાડુ) | ચાંદખેડા |
| ભાદરવા વદ-૬ | અ.નિ. સોની રતિલાલ ભૂદરભાઈ (હ. નિલેશભાઈ) (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | રાકેશભાઈ વિનુભાઈ કમાણી (દુધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | અ.નિ. દિનેશભાઈ હેમાભાઈ પટેલ (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૭ | અ.નિ. રમણલાલ શાહ તથા ઈન્દુમતીબેન (હ. હરેશભાઈ શાહ, એડવોકેટ) (બુંદીના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૮ | નારાયણભાઈ મોહનભાઈ ડેરીવાળા (હ. ચંદુભાઈ) (સાટા) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | અ.નિ. પૂ. જોગી સ્વામી હરિપ્રકાશદાસજી (દૂધપાક-પુરી) | અમદાવાદ |
| ભાદરવા વદ-૯ | મહિલા મંડળ - બાપુનગર, શક્તિધારા સોસાયટી (ચુરમાના લાડુ) | બાપુનગર |
| ભાદરવા વદ-૯ | નરેન્દ્ર મનસુખલાલ પરીખ (હ. પ્રફુલભાઈ) (દૂધપાક-પુરી) | |
| ભાદરવા વદ-૮ | અ.નિ. કરશન પ્રેમજી ગાંગજી ભુડીયા (દૂધપાક-પુરી) | સુખપર-કચ્છ |
| ભાદરવા વદ-૧૦/૧૧ | સ.ગુ. સ્વા ઉતમપ્રિયદાસજી (હ. સિધ્ધેશ્વરદાસ) (દૂધપાક-પુરી, મૈસુબ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૧૦/૧૧ | મહેન્દ્રસિંહ ભાવુભા વાઘેલા (ચુરમાના લાડુ) | ગોધાવી |
| ભાદરવા વદ-૧૦/૧૧ | કેશરબાઈ ખીમજી ડબાસીયા (મગશ) | ભુજ-કચ્છ |
| ભાદરવા વદ-૧૩ | દરજી ધીરજભાઈ ગોકળદાસ (ચુરમાના લાડુ) | અમદાવાદ |
| ભાદરવા વદ-૩૦ | પ્રભાબેન કાળીદાસ ઠક્કર (દૂધપાક-પુરી) | અમદાવાદ |

# શ્રી સ્વામિનારાયણ ભેટ યોજના

૫૦૭/- વિનોદભાઈ કાચા ટેલર્સ શ્રીજી પ્રસન્નાર્થે લેસ્ટર (યુ.કે.)
૫૦૦/- પટેલ ચિંતનકુમાર ડાહ્યાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મણીયોર બેંગ્લોર
૧૦૧/- તારાબેન લાલજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે સઈજ
૧૦૧/- પટેલ એકતા કનુભાઈ નોકરી મળી તે નિમિત્તે સાબરમતી
૧૦૧/- પટેલ દિશા સુમનભાઈ એકટીવા લાવ્યા તે નિમિત્તે સાબરમતી
૨૦૧/- જેઠવા હસમુખ પી. અમદાવાદ
સવિતાબેન પરસોતમદાસ જેઠવાના સ્મરણાર્થે
૧૫૧/- જોશી મૃગેનકુમાર યોગેશભાઈ પુત્ર જન્મ પ્રસંગે કોઠંબા
૫૦૦/- પટેલ રઈબેન ધેલાભાઈ કોદરદાસ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે ગવાડા
૧૦૦/- પટેલ કિશનકુમાર ઝવેરભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૧૦૦/- પરમાર દિવ્યાબેન રાકેશકુમાર જન્મ દિન નિમિત્તે બળોલ ભાલ
૧૦૦/- પટેલ પ્રિયકાન્ત મહેન્દ્રભાઈ અંબાલાલ માણેકપુર
સી.એ. ઈન્ટર પાસ થયા તે નિમિત્તે
૧૦૧/- અ.નિ. નાથીબેન મોતીદાસ પટેલ શ્રાધ્ધ નિમિત્તે ગુલાબપુરા
૧૦૧/- પટેલ શિતલ હસમુખભાઈ તેમની પુત્રીની માનતા નિમિત્તે ખાત્રજ
૧૧૧/- અ.નિ. રણછોડલાલ સુરચંદદાસ મોદી શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦૦/- પટેલ પાર્વતીબેન બબાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ઉનાવા
૧૦૧/- પટેલ હેત શરદભાઈ જન્મ દિન નિમિત્તે અમદાવાદ
૧૦૧/- પટેલ દેવાંગ ધર્મેન્દ્રકુમાર બહેનોની સત્સંગ શિબિર નિમિત્તે નાંદોલ
૧૫૧/- પટેલ કૃષ્ણલાલ બાબુભાઈ ધરમપુર
ચિ. અજેન્દ્રને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૫૦૦/- પટેલ ભીખાભાઈ ગોકળભાઈ નેત્રામલી
ચિ. વિનોદભાઈને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૧૦૧/- ભાવસાર ઘનશ્યામભાઈ લવજીભાઈ અમદાવાદ
નવી ગાડી છોડાવી તે નિમિત્તે
૧૦૧/- પટેલ રોનક મહેન્દ્રભાઈ પુત્ર જન્મ પ્રસંગે આંબાવાડી
૧૦૦/- પ્રજાપતિ બટુકભાઈ માવજીભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાવળા
૧૦૦/- પટેલ પરાગ રાવજીભાઈ જન્મ દિન નિમિત્તે સાબરમતી
૧૦૧/- ઠક્કર ઘનશ્યામભાઈ અંબાલાલ બદ્રિનાથ યાત્રા નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ નિલેશભાઈ બળદેવભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે વડસર
૧૦૦/- પટેલ હેત મનીષભાઈ જન્મ દિન નિમિત્તે ઘાટલોડીયા
૧૦૦/- પટેલ વાસુદેવભાઈ શંકરભાઈ ઘાટલોડીયા
ફોરવીલ ગાડી લીધી તે નિમિત્તે
૧૧૧/- અ.નિ. મોદી રણછોડલાલ સુરચંદદાસ શ્રીજી પ્રસન્નાર્થે મહેસાણા
૧૦૦/- પટેલ રાજેન્દ્રભાઈ પી. નવું બાઈક લાવ્યા તે નિમિત્તે મેઘાણીનગર
૧૦૧/- પટેલ ગીતા ઘનશ્યામભાઈ નવું એકટીવા લીધું તે નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ ધર્મ સંજયકુમાર જન્મ દિન નિમિત્તે પરઢોલ
૧૦૧/- પટેલ રાજેન્દ્ર પરસોતમભાઈ બાઈક લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ભાવસાર સાવિત્રીબેન મનુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૧/- પટેલ સુમનભાઈ ડાહ્યાભાઈ અંબાપુર
તેમના માતુશ્રીની પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે
૧૦૧/- પટેલ મફતભાઈ વિઠ્ઠલભાઈ પ્રથમ પુણ્ય તિથિ નિમિત્તે અંબાપુર
૧૦૧/- પટેલ લાલભાઈ બકોરભાઈ પુણ્ય તિથિ નિમિત્તે અંબાપુર
૧૦૧/- ટાંક જીજ્ઞાબેન મહેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે મીરારોડ
૧૫૧/- સોની અંશ કલ્પેશભાઈ જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- મોરી પથાભાઈ મલુભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કાલીયાણા
૧૦૧/- પટેલ રાકેશભાઈ ડાહ્યાભાઈ ગાડી લીધી તે નિમિત્તે આંબલીયાસણ
૧૦૧/- પટેલ જીગ્નેશ ઈશ્વરભાઈ એલ.આઈ.સી. નિમિત્તે નાંદોલ
૧૦૧/- પટેલ રાજેશભાઈ જેશંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે ડેમાઈ
૧૦૧/- અ.નિ. નાથીબેન મંગળભાઈ પટેલ પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે વિહાર
૧૦૧/- પટેલ દિનેશભાઈ મંગળદાસના વિહાર
પુત્ર ભૌમિક અને રિંકલને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે
૧૦૧/- દરજી અશોકભાઈ સોમાભાઈ ચિ. મેઘાની ટ્રાન્સફર નિમિત્તે ધનસુરા
૧૦૦/- પટેલ અરવિંદભાઈ ભલાભાઈ પૌત્રની બાબરી નિમિત્તે દહેગામ
૧૦૦/- ચાવડા ભીખુભાઈ રામસંગભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બળોલભાલ
૧૦૦/- ચાવડા સંજયસિંહ ભીખુભાઈ બળોલભાલ-અમદાવાદ
શ્રીજી પ્રસન્નાર્થે
૫૦૧/- પટેલ પરેશ રણછોડભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૨૦૧/- અંકિતાબેન પરેશભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કલોલ
૧૦૧/- ગજ્જર ચંદુભાઈ આર. નવું સ્કુટર લાવ્યા તે નિમિત્તે અમદાવાદ
૧૦૧/- ટાંક નિમેષ બિપીન કાંદીવલી
પ.પૂ. મહારાજશ્રીના ૩૯ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે
૧૦૧/- ટાંક અંકિત બિપીન કાંદીવલી
પ.પૂ. મહારાજશ્રીના ૩૯ માં પ્રાકટ્યોત્સવ પ્રસંગે
૨૦૧/- પટેલ હરિબેન ભલાભાઈ માસિક પુણ્ય તિથિ નિમિત્તે નાંદોલ
૫૧૧/- ડૉ. અરૂણભાઈ ડી. પટેલ ચિ. રાજેશભાઈને રાણીપ
ત્યાં પુત્ર જન્મ અને નવી અલ્ટો ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૧/- પટેલ હસમુખભાઈ કાલીદાસ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે કોલાદ
૧૦૧/- પટેલ હર્ષદકુમાર કાલીદાસ નવું બાઈક લાવ્યા તે નિમિત્તે કોલાદ
૧૦૧/- ચૌધરી ધર્મકુમાર જગદીશભાઈ જન્મ પ્રસંગે માણેકપુર
૧૫૧/- હેમાભાઈ ભવાનભાઈ ટ્રેકટર લાવ્યા તે નિમિત્તે મોટા ઉભડા
૧૦૧/- પટેલ માનવિકકુમાર મેહુલભાઈ જન્મ દિન નિમિત્તે ગોઠીબ
૧૦૧/- પટેલ અનંતકુમાર ભીખાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે કોઠા
૨૦૧/- રાણા ભમરસિંહ કાળુસિંહ ધરમપુર-ભુંડીયા
ચિ. પારૂલબાને શિક્ષિકાની જોબ મળી તે નિમિત્તે
૧૦૧/- પટેલ મનસુખભાઈ ઉકાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ દેવજીભાઈ દયાળભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- રમેશભાઈ રામાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૦૧/- પટેલ દિલીપકુમાર હરજીવનદાસ શ્રીજી પ્રસન્નાર્થે રતનપુર
૧૫૧/- પટેલ અમૃતભાઈ બબલદાસ ભાણી અવનીના લગ્ન પ્રસંગે વડુ
૨૦૦/- પટેલ નાથાભાઈ સોમદાસ ડાંગરવા
શ્રીહરિનું સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ ઉન્નતકુમાર ચંદ્રેશભાઈ આકરૂંદ
જન્મદિન નિમિત્તે તા. ૧૮-૧૧-૦૫
૧૦૦/- પટેલ શિખાબેન હિતેષભાઈ ગાંધીનગર (આકરૂંદ)
જન્મ દિન નિમિત્તે
૧૦૦/- પટેલ ઉન્નત ચંદ્રેશકુમાર બાયડ
પ.પૂ. મહારાજશ્રીની પધરામણી પ્રસંગે
૧૦૧/- માંડલીયા શ્લોક પંકજકુમાર જન્મદિન નિમિત્તે અમદાવાદ
૧૦૦/- પટેલ નિકુંજ મણીભાઈ નવા ઘરમાં ગૃહ પ્રવેશ નિમિત્તે ફલોરિડા
૧૦૦/- પટેલ હસુબેન કનુભાઈ ચિ. મહેશને નોકરી મળી તે નિમિત્તે ખેરોલ
૧૦૧/- પટેલ હેનીશકુમાર નરેશભાઈ ઉંઝા
નવા મકાનમાં રહેવા ગયા તે નિમિત્તે
૧૦૦/- પટેલ હંસાબેન હસમુખભાઈ શ્રીહરિ પ્રસન્નાર્થે કલોલ
૧૦૦/- કલ્પેશ અશોકભાઈ ચિ. વિશ્વાના સ્મરણાર્થે ઉવારસદ
૧૦૧/- હેત અને પૂર્વા આશિષ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે અમદાવાદ
૧૦૦/- દોમડીયા રંજનબેન ભરતભાઈ શ્રીજી પ્રસન્નાર્થે બાપુનગર
૧૦૧/- સાવલીયા સૌમીલ રાજેશભાઈ જન્મ દિન નિમિત્તે સુરત
૨૦૦/- પટેલ અરવિંદભાઈ માધવલાલ ઈટાદરા
નવું મકાન બનાવ્યું તે નિમિત્તે
૧૦૦/- પટેલ અજેન્દ્ર વિજયકુમાર જન્મ દિન નિમિત્તે ગુલાબપુરા
૧૫૧/- ડૉ. ઈશ્વરભાઈ વશરામભાઈ પટેલ લાલોડા
ફોર વિલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે
૧૦૦/- જૈમિન પ્રદિપકુમાર જન્મ દિન નિમિત્તે ગવાડા
૧૦૧/- પટેલ કૈલાસબેન વિષ્ણુભાઈ શાંતુભાઈ નાંદોલ
ગંગોત્રી જમનોત્રી ચારધામ યાત્રા નિમિત્તે
૧૦૧/- પટેલ રામાભાઈ સોમાભાઈ શ્રીજી પ્રસન્નાર્થે નરોડા
૧૦૧/- પટેલ નારાયણભાઈ ગોકળભાઈ સાપાવાડા
નવી ગાડી લીધી તે નિમિત્તે
૨૫૧/- પટેલ મુકેશભાઈ ભોળીદાસ ચિ. સોનાલીને ઈટાદરા
એમ.બી.એ. ૧લા વર્ષમાં ફર્સ્ટ કલાસ નિમિત્તે
૧૦૧/- પટેલ ખુશી પરાગભાઈ જન્મ દિન નિમિત્તે અમેરિકા-જ્યોર્જીયા
૧૦૧/- કા. મનોજકુમાર ભાણાના જન્મ પ્રસંગે કોઠંબા
૧૦૧/- કા. જીગરકુમાર શ્રીજી પ્રસન્નાર્થે કોઠંબા
૧૫૧/- ચાવડા રણછોડભાઈ ઓધડભાઈ બળોલ-વડોદરા
નવી ગાડી લીધી તે નિમિત્તે
૧૦૦/- પટેલ આસ્થાબેન હિતેષભાઈ જન્મ દિન નિમિત્તે ધનસુરા
૧૦૧/- પંચાલ પંકજકુમાર (ટેનીયો) મંગળદાસના પુત્ર અમદાવાદ
ચિ. નૈતિકના જન્મ પ્રસંગે

# સત્સંગ સમાચાર

**અમદાવાદ મંદિરમાં શરદોત્સવ ઉજવાયો**

આસો સુદ-૧૫ શરદ પૂનમના રોજ અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં મંદિરના વિશાળ ચોકમાં શરદોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

શ્વેત વસ્ત્રોનો સુંદર ભવ્ય મંડપમાં સ્ટીલની વિવિધ વાસણોની હારમાં સર્વોપરિ શ્રીજી મહારાજ સિંહાસનમાં બિરાજમાન થઈ દર્શન આપતા હતા. રાત્રે ૯-૩૦ કલાકે પ.પૂ. મોટા મહારાજશ્રી પધાર્યા હતા અને શ્રી નરનારાયણદેવ ઓચ્છવ મંડળ શરદોત્સવના ઓચ્છવના કીર્તન ઢાળ-રાગમાં ગાતા હતા ત્યારે પ્રસન્ન મુખે પ.પૂ. મોટા મહારાજશ્રી રાજી થઈ સૌને આશીર્વાદ આપતા હતા. પૂર્ણાહુતિની આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. આ પ્રસંગનું આયોજન મહંત સ્વામીની પ્રેરણાથી કોઠારી દિગંબર ભગતે કર્યું હતું. છેલ્લે સૌ ભક્તજનોને દુધ પૌંવાનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. (મુનિ સ્વામી)

**અમદાવાદ મંદિરમાં દિપોત્સવીના કાર્યક્રમો ધામધૂમથી ઉજવાયા**

ભરત ખંડના રાજાધિરાજ શ્રી નરનારાયણદેવના સાનિધ્યમાં અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર અમદાવાદ ખાતે દિપોત્સવી પ્રસંગના ઉત્સવો ખૂબજ ભવ્યતાથી ઉજવાયા હતા.

<u>કાળી ચૌદશ :</u> સર્વોપરિ ધર્મકુળના કૂળ દેવતા શ્રી હનુમાનજી મહારાજનું કાળી ચૌદશના દિને ભવ્ય પૂજન અર્ચન અને આરતી પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. હજારો દર્શનાર્થીઓએ પૂજન-આરતીનો લાભ લીધો હતો.

<u>સમૂહ શારદા પૂજન ચોપડા પૂજન :</u> દર વર્ષની જેમ આ વરસે પણ દિવાળીના શુભ દિને તા. ૨૬-૧૦-૧૧ ને બુધવારના રોજ સાંજે ૬-૩૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ હસ્તે શારદા પૂજન વિધિવત થયું હતું. હજારો વહેપારી ભાઈઓએ પોતાના ધંધા-ઉદ્યોગના વહીવટના હિસાબના ચોપડાઓનું પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે પૂજન કરાવી મહા અલૌકિક લાભ લઈ ધન્ય ધન્ય બન્યા હતા. દૂરદર્શનની કેમેરા ટીમે આ પ્રસંગનું કવરેજ કરી સમગ્ર ગુજરાતની ધાર્મિક જનતાને તેના દર્શન કરાવ્યા હતા.

<u>નૂતન વર્ષ - અન્નકૂટોત્સવ :</u> કારતક સદુ-૧ ના શુભ નૂતન વર્ષના મંગલ પ્રભાતે સવારે ૫-૦૦ કલાકે શ્રી નરનારાયણદેવની મંગળા આરતી પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. સવારે ૬-૩૦ કલાકે શણગાર આરતી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. મોટા મહારાજશ્રીએ ઉતારી હતી. ત્યારબાદ બેઠકમાં સંતો-હરિભક્તોને દર્શનનું સુખ આપ્યું હતું. આજના દિને નિજ મંદિર સભા મંડપ, મંદિરનો ચોક હરિભક્તોથી ખીચોખીચ ભરાયો હતો. શહેરના ધાર્મિક લોકો પણ આવા અલૌકિક દેવના દર્શન કરવાનું ચૂક્યા ન હતા. બપોરે ૧૨-૦૦ કલાકે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ ભવ્યાતિ ભવ્ય છપ્પન ભોગની ઠાકોરજીની આરતી ઉતારીને હજારો ભક્તજનોને મહા અલૌકિક દર્શનનો લાભ આપ્યો હતો. આ સમગ્ર પ્રસંગમાં અમદાવાદ મંદિરના મહંત સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજીની પ્રેરણાથી કોઠારી પાર્ષદ દિગંબર ભગતના માર્ગદર્શન મુજબ બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી, જે.પી. સ્વામી, સ.ગુ. સ્વામી હરિચરણદાસજી (કલોલ) ભંડારી સ્વામી સૂર્યપ્રકાશદાસજી, પૂરાણી ધર્મજીવનદાસજી, જે.કે. સ્વામી, નટુ સ્વામી આદિ સંત મંડળ અને હરિભક્તોએ સુંદર સેવા કરીને ભગવાનનો રાજી મેળવ્યો હતો. (મુનિ સ્વામી)

**સર્વોપરિ છપૈયાધામમાં પારાયણ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા લક્ષ્મીસ્વરૂપ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વાદથી સુરેન્દ્રનગરના સાં.યો. કમળાબા, સાં.યો. કોકીલાબા તથા સાં.યો. ઉષાબાની પ્રેરણાથી પ.ભ. બાબુભાઈ મોહનભાઈ અડાલજાના યજમાન પદે સર્વોપરિ છપૈયાધામમાં શ્રીમદ્ સત્સંગિભૂષણ પારાયણ સ.ગુ. શા.સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (નારણપુરા મંદિર મહંતશ્રી)ના વક્તાપદે ધામધૂમથી સંપન્ન થઈ. આ પ્રસંગે ઝાલાવાડ પ્રાન્તના સુરેન્દ્રનગર, રતનપર આદિ ગામોના ૪૦૦ જેટલા હરિભક્તોનો સંઘ ટ્રેન દ્વારા છપૈયાધામ આવ્યા હતા.

કથા પ્રસંગમાં સંગીતની મધુર સૂરાવલી સાથે શ્રી રામપ્રતાપભાઈના વિવાહ, અન્નકૂટ, અભિષેક અને મહાપૂજા આદિ પ્રસંગો વિધિવત ઉજવાયા હતા. આવા દિવ્ય મહા અલૌકિક ધામમાં (પ.પૂ. મોટા મહારાજશ્રીના નાના બહેનશ્રી) પૂ. નાના બહેનશ્રી મુંબઈથી દર્શનાર્થે અને કથામાં પધાર્યા હતા. જેતલપુર અને અયોધ્યા મંદિરથી પણ સંતો પધાર્યા હતા. અત્રેના મહંત બ્ર. સ્વામી વાસુદેવાનંદજીએ ઉતારા પાણી ભોજન પ્રસાદની સુંદર વ્યવસ્થા કરેલી. હરિભક્તોના તમામ સંઘે નૂતન જન્મ સ્થાન નિર્માણમાં પચીસ લાખ રૂપિયાની સેવા કરી હતી.

સમગ્ર આયોજન સુરેન્દ્રનગર મંદિરના કોઠારી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, શ્રી પંકજભાઈ, શ્રી જીતેનભાઈ અને શ્રી શૈલેન્દ્રસિંહ ઝાલા વગેરેએ કર્યું હતું. આ પ્રસંગનો લાભ લેવા

સુરેન્દ્રનગરના સંસદ સભ્ય શ્રી સોમાભાઈ ગાંડાભાઈ પટેલ પૂ. કૃષ્ણવલ્લભ સ્વામીના આગ્રહને માન આપી પધાર્યા હતા. આમ અત્રે સર્વોપરિ છપૈયાધામમાં સર્વોપરિ ઉત્સવ ઉજવાયો હતો. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તા. ૩-૧૦-૧૧ ના રોજ પ.ભ. વિનોદભાઈ પટેલને ત્યાં શ્રીજી ડેરીના ઉદ્ઘાટન બાદ અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા દર્શનાર્થે પધાર્યા હતા. પૂજારી સ્વામી ચંદ્રપ્રકાશદાસે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનું સુંદર સ્વાગત કર્યું હતું. ઠાકોરજીના દર્શન કરી પ.પૂ. મહારાજશ્રી મંદિરમાં સભા મંડપ અને નિજ મંદિરનું જીર્ણોદ્ધારનું કામ જોવા પધાર્યા હતા. સભા મંડપ જીર્ણોદ્ધાર સેવાના યજમાન પ.ભ. બાબુભાઈ સોની ઉપર ખૂબજ રાજી થઈ આશીર્વાદ આપ્યા હતા. અત્રે મંદિરમાં પરંપરાગત ઉત્સવ ભક્તિભાવ પૂર્વક ઉજવાય છે. જેમાં શ્રી કેશા કાકા, પ્રમુખશ્રી નટવરભાઈ તથા શ્રી ઈશ્વરભાઈ પટેલ આદિ ઉત્સવમાં ખૂબજ સક્રિય સેવા બજાવે છે. શરદ પૂનમનો ઉત્સવ પણ ધામધૂમથી ઉજવ્યો હતો.

અત્રેના મહંત શાસ્ત્રી સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી આવા સુંદર આયોજન સતત ચાલુ છે.

(ભાવિન પટેલ)

**ઈડર મંદિરમાં અન્નકૂટોત્સવ અને ગામડાઓમાં સભાઓ**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર ઈડરમાં બિરાજમાન શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ કારતક સુદ-૧ ના ભવ્ય અન્નકૂટોત્સવ કરવામાં આવેલ. આવા અલૌકિક દર્શનનો લાભ લેવા ઈડર અને ઈડર દેશના ગામોના હજારો ભક્તજનો દર્શનાર્થે પધાર્યા હતા. અત્રેના મહંત સ્વામી જગદીશપ્રસાદદાસજીની પ્રેરણાથી ઈડર દેશના ગામોમાં સત્સંગ સભાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. મહંત શા.સ્વા. હરિજીવનદાસજી, શા. સ્વા. વાસુદેવચરણદાસજી, શા. વિશ્વવલ્લભદાસજી, શ્રીજી સ્વામી તથા સત્યસંકલ્પ સ્વામી (કોઠારી) વગેરે સંતોએ ફિચોડ, રતનપુર, થુરાવાસ, સાચોદર, મણીયોર, અરોડા અને સાબલવાડ આદિ ગામોમાં સત્સંગ સભામાં સર્વોપરિ ભગવાનનો મહિમા માહાત્મ્ય અને ધર્મકુળ પરંપરાની મહિમાની વાતો કરી હરિભક્તોને રાજી કર્યા હતા. ઈડર મંદિર ખાતે પણ અવાર-નવાર ઉત્સવોનું આયોજન કરી હરિભક્તોને સુંદર લાભ મળે છે. (કોઠારી સ્વામી સત્યસંકલ્પદાસ)

**વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિર વડનગરમાં આસો સુદ-૧૫ શરદ પૂર્ણિમાના શરદોત્સવ મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજીના માર્ગદર્શન મુજબ રાત્રે ૮ થી ૧૧ સંત-હરિભક્તોએ કીર્તન ઓચ્છવ કરીને ધામધૂમથી ઉજવ્યો હતો. શરદોત્સવની શ્રીહરિની આરતી પ.ભ. કિરીટભાઈ બાબુલાલ ભાવસારે ઉતારીને દિવ્ય લાભ લીધો હતો. શરદોત્સવની સુંદર સજાવટ કો.શા. વિશ્વપ્રકાશદાસજીએ કરી હતી. દિવાળી-નૂતન વર્ષના ઠાકોરજીને ભવ્ય અન્નકૂટ ધરાવ્યો હતો. જેના દર્શને વડનગર અને આજુબાજુના ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં પધાર્યા હતા.

(મહંત શા.સ્વા. નારાયણવલ્લભદાસજી)

**શ્રી સ્વામિનારાયણ મંદિર બાલાસિનોર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા શા.સ્વા. વિશ્વસ્વરૂપદાસજીની પ્રેરણાથી બાલાસિનોર મંદિરમાં આસો સુદ-૧૫ ના શરદોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો. જેમાં લસુન્દ્રા, કપડવંજ, ડેમાઈ, લુણાવાડા, કોઠંબા, સંતરામપુર વગેરે ગામોના ઘણા હરિભક્તો પધાર્યા હતા. શા.સ્વા. હરિસ્વરૂપદાસજીએ ઠાકોરજીની ચાંદની સુંદર રીતે શણગારી હતી. ઠાકોરજીની પ્રથમ આરતી શા.સ્વા. આનંદજીવનદાસજી તથા વિષ્ણુ સ્વામીએ ઉતારી હતી. મહા રાસમાં સંતો સાથે હરિભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. ગોવિંદભાઈ વાડીલાલ, પ્રવિણભાઈ વાલીલાલ, દક્ષેશભાઈ જયંતીલાલ અને નંદલાલ મૂળજીભાઈ આરતીના યજમાન રહ્યાં હતા. ઈનામ વિતરણમાં ભાઈઓ અને બહેનોને ક્રમ મુજબ આપવામાં આવ્યા હતા. છેલ્લે પૂર્ણાહુતિ બાદ દુધ પૌંવાનો પ્રસાદ સૌને આપવામાં આવેલ. ઈનામ વિતરણના યજમાન મયુરભાઈ અમૃતભાઈ કાછીયા રહ્યા હતા. આવો અલૌકિક પ્રસંગ માણી હરિભક્તો ધન્ય બન્યા હતા.

(રાકેશ એન. કાછીયા)

**શ્રીહરિના દિવ્ય ચરણોથી અંકિત માણસા મંદિરનું ચાલતું જીર્ણોદ્ધાર કામ**

આદિ આચાર્યશ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી સ.ગુ. મહાનુભાવાનંદ સ્વામીએ અહીં સુંદર હવેલી ઘાટનું શિખર બધ્ધ મંદિર કરાવ્યું હતું. શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજ સ્વયં શ્રીહરિના સ્પર્શથી પ્રસાદીરૂપ થયેલા. મહારાજ અહીં ૧૩ વખત પધારેલા છે. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શા.સ્વા. ઘનશ્યામપ્રકાશદાસજીની પ્રેરણાથી માણસા મંદિરનું જીર્ણોધ્ધારનું કામ ચાલી રહ્યું છે. સદ્ લક્ષ્મીને ધન્ય કરવા વિનંતી. શ્રી સ્વામિનારાયણ મંદિર માણસા, જી. ગાંધીનગર (ગવૈયા ચંદ્રપ્રકાશદાસ) (૦૨૭૬૩-૨૭૦૨૧૯)

**બળોલ (ભાલ)ના હરિભક્તે મૂળી મંદિર શ્રી રાધાકૃષ્ણદેવને કિંમતી ખેતર અર્પણ કર્યું**

સંપ્રદાયના મહાન કવિ સમ્રાટ સ.ગુ. દેવાનંદ સ્વામીનું જન્મસ્થાન ભાલ વિસ્તારનું મોખરાનું ગામ બળોલ જે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવ અને અમદાવાદ શ્રી નરનારાયણદેવ ગાદીનું નિષ્ઠાવાન ગામ છે. સમસ્ત ધર્મકુળની આ ગામ ઉપર અપાર કૃપા છે.

અત્રે ગામના એક યુવાન સત્સંગી પ.ભ. દાનાભા માવજીભા પરમારના સુપુત્ર પ.ભ. જેશંગભાઈને શ્રીહરિ કૃપાથી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી સંકલ્પ થયો કે મારે મારા પિતાશ્રીની કાયમ સ્મૃતિ માટે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવને સારામાં સારું ખેતર જમીન અર્પણ કરવી છે. આવો અલૌકિક સંકલ્પ તેમણે મૂળી શ્રી રાધાકૃષ્ણદેવનો ૪ એકર જમીનનો (અંદાજે રૂા. ૩૦ લાખ) દસ્તાવેજ કરીને પુરો કર્યો. ધન્ય છે આવા વિરલ યુવાન હરિભક્તને ! પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રી તેમના ઉપર અતિ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા છે.

**કૈયલ ગામે સત્સંગ સભા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી અમદાવાદ મંદિરના સ.ગુ. શાસ્ત્રી સ્વામી અખિલેશ્વરદાસજી સંત મંડળ સાથે સત્સંગના નવા જ એવા કૈયલ ગામે સુંદર સત્સંગ સભાનું આયોજન કરેલ. ગામના ભક્તોમાં શ્રી ચંદુલાલ પટેલ, શ્રી મહેન્દ્રભાઈ અને શ્રી કનુભાઈ પટેલ આદિ ભક્તો પ્રસંગમાં મોખરે હતા. આ ગામમાં સત્સંગીઓની દીકરીઓ હોવાથી આવું સત્સંગનું સુંદર કામ થયું હતું. પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી બહેનોએ શ્રી ભક્તિ મહિલા મંડળની સ્થાપના કરી છે. શા.સ્વા. અખિલેશ્વરદાસજી અને શા. સુખનંદનદાસે કથાનું રસપાન કરાવ્યું હતું. હવે દર માસે સભા નિયમિત થશે.

(શા. સર્વેશ્વરદાસ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર જડેશ્વરપાર્ક મહાદેવનગર**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રી એવં સમસ્ત ધર્મકુળની કૃપા-આશીર્વાદથી અત્રે ભાદરવા સુદ-૧૧ જલઝીલણી એકાદશીના નગર યાત્રા સાબરમતી નદીમાં સ્નાન કરાવીને ભાદરવા વદ અમાસ સુધી મહાદેવનગર અને આજુબાજુના વિસ્તારોમાં હરિભક્તોને ઘેર પધરામણી કરી હતી. રાત્રે ૯ થી ૧૦ અલગ અલગ ભક્તોને ત્યાં રાસોત્સવ આદિ કરીને કુલ ૧૦૮૮ હરિભક્તોને ભગવાન શ્રીહરિની પધરામણીનો લાભ આપેલ. અત્રે મંદિરના કોઠારી અને હરિભક્તોએ પ્રેરણારૂપ સેવા બજાવી હતી. સંતો રોજ રાત્રે કથા વાર્તાનો લાભ આપતા હતા. (નટવરભાઈ પટેલ)

**પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા**

અત્રે શ્રી પ્રભા હનુમાનજી મંદિર જમીયતપુરા ખાતે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૧૭-૧૦-૧૧ ને શનિવારના રોજ શા. સ્વામી ઘનશ્યામપ્રકાશદાસજીના વક્તાપદે સુંદર સત્સંગ સભાનું આયોજન થયું હતું. વકતાશ્રીએ ઘણા નવા મુમુક્ષુને નિર્વ્યસની બનાવી ધર્મકુળના આશ્રિત કરી કંઠી ધારણ કરાવી હતી. ૧૮૫૦ જેટલા ભાવિકોએ દાદાના દર્શન ને કથામૃત પાન કરી સુંદર દિવ્યતમ પ્રસાદ પરિવાર સહિત લઈને ભાગ્યશાળી બન્યા હતા.

(સ્વપ્નીલ નિર્સગ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**સુરેન્દ્રનગર મંદિરમાં અખંડ ધૂન્ય**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મૂળી મંદિરના સ.ગુ. સ્વામી જીષ્ણુચરણદાસજી દ્વારા પવિત્ર શ્રાવણ માસમાં મૂળી દેશના ગામોમાં દરરોજ ૧૨ કલાકની અખંડ ધૂન્ય તથા કથાવાર્તાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ધૂન્યની પૂર્ણાહુતિ શ્રાવણ વદ અમાસના રોજ સુરેન્દ્રનગર મંદિરમાં પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે થઈ હતી. આ પ્રસંગે મૂળી, ધ્રાંગધ્રા, અમદાવાદ, મોરબી અને હળવદ આદિ ધામોના સંતો પધાર્યા હતા. પ્રાસંગિક સભામાં પ.પૂ. મોટા મહારાજશ્રીએ દેવ ગાદી સ્થાનને વફાદાર રહેવાની માર્મિક ટકોર સાથે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ આયોજનમાં સ.ગુ. જીષ્ણુ સ્વામી, નિલકંઠચરણ સ્વામી, દિવ્યપ્રકાશ સ્વામી, નારાયણ ભગત આદિ તેમનું મંડળ શિષ્ય મંડળ સેવામાં જોડાયા હતા. સુરેન્દ્રનગર મંદિરના કોઠારી સ્વામીના માર્ગદર્શનથી શ્રી નરનારાયણદેવ યુવક મંડળે પ્રેરણારૂપ સેવા બજાવી હતી. (શૈલેન્દ્રસિંહ ઝાલા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ધ્રાંગધ્રા**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું ઘાંચીવાડ) ખાતે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ આસો સુદ-૧૦ વિજયા દશમીના રોજ રાત્રે ૯-૩૦ કલાકે ૨૫૦ ઉપરાંત સત્સંગી બહેનો અને સાંખ્યયોગી બહેનો કંચનબા, હિરાબા અને ભગવતીબાએ સાથે મળી મૂળી ધામ ઉજવાયા બાદ અહીં મંદિરમાં ધામધૂમથી પ્રાકટ્યોત્સવ ઉજવ્યો હતો. સાં. કંચનબાએ ધર્મકુળની નિષ્ઠા વિશે કથાવાર્તા કરી હતી. (પ્રતિ. અનિલભાઈ દુધરેજીયા)

## વિદેશ સત્સંગ સમાચાર

**વોશિંગ્ટન ડી.સી. (આઈ.એસ.એસ.ઓ. ચેપ્ટર અમેરિકા)**

પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી અત્રે સત્સંગની પ્રવૃતિ સુંદર ચાલે છે.

૧૮ ઓગસ્ટ શનિવારે સાંજે ૫-૦૦ થી ૯-૩૦ ઈલકરીઝના ચર્ચમાં સત્સંગ સભા રાખવામાં આવી હતી. જેમાં ભજન કીર્તન અને વચનામૃતનું વાચન કરવામાં આવેલ. સાંજે ૬-૩૦ થી ૭-૩૦ કોલોનીયા મંદિરથી પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીએ ઈન્ટરનેટની મદદથી લાઈવ વિડીયો દ્વારા કથામૃતરૂપી અમૃતવાણીનો લાભ આપેલ. મંદિરમાં શ્રીકૃષ્ણ જન્માષ્ટમી અને જલઝીલણી ઉત્સવ ધામધૂમથી ઉજવ્યા હતા.

૧૭ સપ્ટેબર શનિવારે સાંજે ૫-૦૦ થી ૧૦-૩૦ સત્સંગ સભા થઈ હતી. જેમાં ''આજ મારે ઓરડે'' ભજન કીર્તન ઠાકોરજી સમક્ષ થયા હતા. ત્યારબાદ પ.પૂ.ધ.ધુ. આચાર્ય

મહારાજશ્રીનો સમસ્ત સત્સંગ જોગ આજ્ઞા પત્ર સભામાં વંચાવવામાં આવેલ. તેને સૌ હરિભક્તોએ શિરોધાર્ય માની આજ્ઞાનું પાલન કરવા સૌએ કટિબધ્ધતા દર્શાવી હતી. ૮-૩૦ થી ૧૦-૩૦ સુધી નંદ સંતો રચિત રાસગરબાની રમઝટમાં બહેનોએ સુંદર પ્રોગ્રામ કર્યો હતો. (કનુભાઈ પટેલ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં ત્રિદિનાત્મક શ્રીમદ્ ભાગવત કથા**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી શ્રી નરનારાયણદેવ સ્વામિનારાયણ મંદિર કોલોનીયામાં શુક્ર, શનિ અને રવિવાર એમ ત્રણ દિવસ શ્રીમદ્ ભાગવત દશમ સ્કંધ કથા પૂ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના વક્તા પદે સંપન્ન થઈ હતી. જેના મુખ્ય યજમાન શ્રી પ્રવિણ શાહ અને સહયજમાનશ્રી મહેન્દ્ર સોલંકી પરિવાર રહ્યાં હતાં. સુંદર પોથી યાત્રા અને વક્તાશ્રીનું પૂજન આરતી વિધિવત થયા હતા. ન્યુજર્સીથી ઘણા ભક્તો કથા સાંભળવા આવ્યા હતા. હજારો ભક્તોએ સંપ્રદાયના પૂજનીય સુપ્રસિદ્ધ કથાકારના મુખની વાણીનું પાન કરી ધન્ય ધન્ય બની ગયા હતા. આ પ્રસંગમાં વિહોકન મંદિરથી શા. માધવ સ્વામી, શા. સ્વામી ભગવતપ્રસાદદાસજી આદિ સંતો પધાર્યા હતા. અત્રેના મહંત શા. જ્ઞાનસ્વામી તથા કથાના યજમાને વક્તા મહોદયનું સ્વાગત પૂજન કર્યું હતું. (પ્રવિણ શાહ)

**અમેરિકાના પારસીપની નૂતન મંદિર નિર્માણ મુહૂર્ત વિધિ**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીના આશીર્વાદથી પારસીપની છપૈયાધામ મંદિરના બાંધકામનો શુભારંભ આસો સુદ-૧૦ વિજયા દશમી પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના ૩૯ માં પ્રાકટ્યોત્સવ દિને સવારે ૧૦-૦૦ કલાકે વિહોકન મંદિરના મહંત સ્વામીએ ઠાકોરજીની આરતી ઉતારીને કરવામાં આવેલ. કીર્તન ભજન અને ધૂન્ય બાદ શ્રી વિઘ્ન વિનાયકદેવનું પૂજન અર્ચન કરી શ્રીફળ વધેરી આરતી ઉતારી હતી. મહંત સ્વામીએ નિર્માણ કાર્યમાં સેવા આપનાર યજમાનોને આશીર્વાદ આપ્યા હતા. હરિભક્તોમાં શ્રી પ્રહલાદભાઈ, શ્રી ભક્તિભાઈ, મોરડીયા શંકરભાઈ, ઠાકોરભાઈ, ઘનશ્યામભાઈ કાકડીયા, પ્રેમચંદભાઈ પાટડીયા, રસિકભાઈ પટેલ, રમેશભાઈ મારફતીયા, શ્રી હસમુખ અમીન, પ્રમોદ પટેલ અને હિતેશ કાકડીયા આદિ ઘણા હરિભક્તો સેવામાં જોડાયા હતા. છેલ્લે ઠાકોરજીને થાળ આરતી કરીને પ્રસાદ જમાડવામાં આવેલ. (પ્રવિણ શાહ)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શિકાગો**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને સમસ્ત ધર્મકુળના આશીર્વાદથી આપણા શિકાગો મંદિરમાં આપણા દરેક ઉત્સવો ધામ ધૂમ અને ભક્તિભાવ પૂર્વક ઉજવાય છે. મહંત સ.ગુ.શા.સ્વા. ધર્મવલ્લભદાસજીએ સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત અવતાર ચિંતામણીની સુંદર કથા કરી હતી.

વિજયા દશમીના પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો ૩૯ મો પ્રાકટ્યોત્સવ સમસ્ત હરિભક્તોએ ધામ ધૂમથી ઉજવ્યો હતો. શરદ પૂનમના બહેનોએ સુંદર કાર્યક્રમ કરી સૌને દુધ પૌંવાનો પ્રસાદ જમાડ્યો હતો. પૂજારી સ્વામી અને હરિનંદન સ્વામી પ્રસંગમાં પ્રેરણારૂપ રહ્યાં હતા. (વસંત ત્રિવેદી)

**અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ**

**ઉંઝા :** પ.ભ. હરિભાઈ કરશનદાસ મોખાત તા. ૭-૧૦-૨૦૧૧ આસો સુદ-૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ-નવાવાડજ :** પ.ભ. મુકેશકુમાર નગીનદાસ ભાવસાર (નારાયણઘાટ મંદિરમાં સક્રિય સેવાભાવી) તા. ૧૩-૯-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અંબાપુર :** પ.ભ. કમળાબેન ડાહ્યાભાઈ પટેલ તા. ૨૩-૯-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**વિરમગામ :** પ.ભ. ઘેલીબેન કેશવલાલ પીઠવા તા. ૨૭-૮-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**ઘાટીલા (મૂળીદેશ) :** સાંખ્યયોગી રતનબા (ઉ. ૮૩ વર્ષ) તા. ૨૬-૯-૨૦૧૧ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**દોલારાણા વાસણા :** શ્રી સ્વામિનારાયણ મંદિરના પૂજારી આનંદીબેન કેશવલાલ ભાવસાર આસો સુદ-૧૧ ને તા. ૭-૧૦-૨૦૧૧ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**લાલોડા :** પ.ભ. પ્રભુભાઈ મોહનભાઈ નરશાભાઈ પટેલ તા. ૩૧-૧૦-૨૦૧૧ કારતક સુદ-૫ (લાભ પાંચમ)ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.